# 24 Bible Stories

# પવિત્ર શાસ્ત્રની ૨૪ વાર્તા

અંગ્રેજી પરથી ભાષાંતર



કિંમત રૂ. ૧-૦-૦

C9
12BGP4

# 24 BIBLE STORIES

અભણ લોકોમાં સુવાર્તા પ્રગટ કરનારા
ઉપદેશકોના ઉપયોગને માટે

# પવિત્ર શાસ્ત્રની ૨૪ વાર્તા

અંગ્રેજી પરથી ભાષાંતર

ગુજરાતના ખ્રિસ્તી ધર્મપુસ્તક પ્રસારક મંડળને સારુ
સૂરત મિશન પ્રેસમાં એચ. પી. ક્રોમીએ છાપી તથા પ્રગટ કરી

સુધારેલી અને વધારેલી ૩જી આવૃત્તિ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

૧૯૫૪

પ્રત ૨૦૦૦ ] [ કિંમત રૂ. ૧-૦-૦

# પ્રસ્તાવના

પહેલી બાર વાર્તા ખાસ કરીને શોધકો અને નવા ખ્રિસ્તીઓને માટે છે, અને તે મુખ્યત્વે કરીને આપણા પ્રભુના જીવનચરિત્રમાંથી લીધેલી છે. જેઓએ પહેલી બાર વાર્તાનો અભ્યાસ કર્યો છે એવા ખ્રિસ્તીઓને માટે પાછલી બાર વાર્તાઓ છે, અને એવા હેતુથી પસંદ કરવામાં આવી છે કે ખાસ જરૂરના અને પરીક્ષણના વખતમાં તે તેમને મદદરૂપ થઈ પડે. આ પાછલી વાર્તાઓ મુખ્યત્વે કરીને પ્રેરિતોના કૃત્યોમાંથી લીધેલી છે.

આપણને જણાઈ આવશે કે દરેક વાર્તાનું બંધારણ એકસરખું છે. ઘણા જ અનુભવ પરથી એવું માલૂમ પડયું છે કે આ રચના સારામાં સારી છે. (દરેક વાર્તાના આઠ ભાગ પાડવામાં આવ્યા છે.)

૧. પહેલા ભાગમાં શાસ્ત્રનો જે ભાગ વાંચવાનો હોય છે તે બધો આપેલો છે, એ સારૂ કે પાઠની તૈયારી કર્યા પહેલાં શિક્ષક તેનો કાળજીથી અભ્યાસ કરે. આ ભાગ પસંદ કરીને લખવામાં આવ્યો છે એ માટે કે જુવાન અને અનુભવ વગરના કામદારને પણ તે ઉપયોગી અને મદદરૂપ થાય.

૨. બીજા ભાગમાં લોકોની આગળ વાંચી સંભળાવવા માટે પસંદ કરેલો વાંચનપાઠ આપેલો છે. શીખવનાર માણસ પોતાના જ મનની વાતો શીખવતો નથી એ લોકોથી સમજાય માટે દરેક પાઠ વખતે ઈશ્વરનું વચન વાંચવાની સૌથી વધારે જરૂર છે. પણ ગામડાંના અભણ લોકને માટે ઘણાં જ લાંબાં અને અઘરાં વાકયો બહુ ઉપયોગી થતાં નથી, તેથી ઘણી જ સંભાળથી થોડાં જ વાકયો પસંદ કરવામાં આવ્યાં છે; અને આશા રાખીએ છીએ કે કામદાર તે વાકયો અગાઉથી ધ્યાન દઈને વાંચશે, કે જેથી તે તેના સાંભળનારાઓની આગળ વાંચતાં વાંચતાં અટકે નહિ. વળી વાર્તા કહેતાં પ્રસંગને અનુસરીને તે વાકયો વાંચી સંભળાવવા કાળજી લેવી.

૩. ત્રીજા ભાગમાં પૂર્વજ્ઞાન પરીક્ષા અર્થે પ્રશ્નો છે, ત્યાંથી જ પાઠની ખરી શરૂઆત થાય છે. તેમાં સમાએલી વાતો તથા સવાલો શીખનારને જાણીતી બાબત પરથી અજાણી બાબત પર લઈ જવા માટે, અને શરૂઆતથી જ શીખનાર વાતમાં રસ લે અને તેનું ધ્યાન ખેંચાય, એ માટે આપેલાં છે.

૪. શિક્ષણના મુખ્ય મુદ્દા. અનુભવથી એવું જાણવામાં આવ્યું છે કે જો શિક્ષકને માત્ર અમુક વાર્તા જ શીખવવાનું કહેવામાં આવે તો વાર્તાની નજીવી બાબતો તે એવી રીતે શીખવશે કે જેથી શીખનારના મન પર બોજો આવે અને તેને કશું યાદ રહે નહિ. તેથી એવું પરિણામ થાય કે અગત્યની બાબતો શીખનારના ધ્યાનમાં

ન આવે. આ કારણથી જેમ બને તેમ થોડા જ મુદ્દા પસંદ કરવામાં આવ્યા છે. એ બધા મુદ્દા શીખવવા અને તે ઉપરાંત કશું શીખવવું નહિ.

૫. આત્મિક બોધ. વળી આપણા જોવામાં આવશે કે દરેક વાર્તામાંથી એક જ સરખી રીતે આત્મિક બોધ કાઢવામાં આવ્યો છે, "જેમ........તેમ........" કેમકે આ રીતે જ વધારે સહેલાઇથી સમજાય છે અને યાદ રહે છે એવું માલૂમ પડ્યું છે.

આપણે બધા ઇચ્છીએ છીએ કે આપણા ખ્રિસ્તી લોકો માણસોને ખ્રિસ્તની પાસે લઈ આવનારા થાય. તેમ કરવામાં આ લાગુકરણ, મોઢે કરવાનું વાક્ય, વગેરે ભાગોવાળી વાર્તાઓ ખાસ રીતે ઉત્તેજનદાયક થઈ પડી છે એવો અનુભવ થયો છે.

અનુભવ વગરનો ઉપદેશક કોઈ અમુક વાર્તાનો ખરો આત્મિક બોધ ન સમજવાથી બીજો બોધ તે પરથી કાઢીને શીખવે અથવા તો એ આત્મિક બોધમાં એટલી બધી વાતો ઉમેરે કે અભણ શીખનાર તેમાંનું કશું યાદ રાખી શકે નહિ; માટે દરેક વાર્તા પરથી એક જ ખાસ આત્મિક બોધ આપવામાં આવ્યો છે.

૬. દરેક પાઠમાંના આત્મિક બોધનું તાત્પર્ય મોઢે કરવાના વાક્યમાં સમાએલું છે. સદ્‌ગુણોમાં વૃદ્ધિ પામવા માટે જે વાતો જરૂરની છે તે વાતોમાંની એક આ છે કે જેઓ ઈશ્વરની વાત વાંચી શકતા નથી તેઓ ઘણાં મદદરૂપ વાક્યો મોઢે કરીને પોતાનાં કરી શકે છે, તેથી પસંદ કરેલાં વાક્યો મોઢે કરવાં એ ઉપર અમે ઘણો જ ભાર મૂકીએ છીએ.

૭. વ્યક્તિગત લાગુકરણ. જો કે શિક્ષક વાર્તાનો ખરો આત્મિક બોધ આપે છે પણ જે આત્મિક વાત તે શીખવે તે સાંભળનાર પોતાને લાગુ પાડી અમલમાં લાવે એ પ્રમાણે તેને આગ્રહ કરવો એવો ખ્યાલ તે (શિક્ષક)ને આવતો નથી. તેથી દરેક પાઠ સાથે સૂચનારૂપ "વ્યક્તિગત લાગુકરણ" આપેલું છે. પણ અમને આશા છે કે તેનો વિસ્તાર કરી લોકોનાં મન પર તેની અસર થાય તેવો યત્ન તે કરશે. આ વેળાએ સ્થાનિક જરૂરિયાત પ્રમાણે વાતનું લાગુકરણ કરવાથી વધારે ફાયદો થશે.

૮. ગીત. બનતાં સુધી દરેક વાર્તાને બંધબેસતું ગીત મૂકવામાં આવ્યું છે, અને તે **રાગ સાથે** મોઢે શીખવવાનું છે. અમે આ આઠમા ભાગને બહુ અગત્યનો ગણીએ છીએ. જો લોકોને ગીત અને તેના રાગ તેમ જ બાઈબલની વાર્તાઓ અને સોનેરી વાક્યો મોઢે આવડે, અને તેઓને પ્રાર્થના કરતાં આવડે, તો જો કે વાંચી શકે એવો કદાચ તેઓમાં કોઈ ન હોય, અને કામદાર ભાગ્યે જ તેઓની

મુલાકાત લેતો હોય, તોપણ ઉપર જણાવ્યું તેટલું આવડયાથી તેઓ પોતાના ગામમાં કે મોહોલ્લાઓમાં નાની નાની સભાઓ ભરી શકે. એવાં નાનાં ગામડાં અમારી જાણમાં છે કે જ્યાં આ પ્રમાણે કરવામાં આવે છે અને તેથી ત્યાંના ખ્રિસ્તીઓની ટોળીને ઘણો જ ફાયદો થાય છે. કેટલાએક વાક્ય મોઢે બોલે, કેટલાક વાર્તા કહે, કેટલાક પ્રાર્થના કરાવે અને ઘણાખરા ગીત ગાય.

શીખનારાઓ આગળ વાર્તાનું બંધારણ વાંચી સંભળાવવાને વાસ્તે નથી તે કહેવાની કાંઈ જરૂર નથી. તે તો માત્ર શિક્ષકને માટે જ છે. પોતાને ઘેર પાઠની તૈયારી કરતી વખતે તેનો પૂરેપૂરો અભ્યાસ કરવામાં આવે તો શિક્ષકને તેથી સારી મદદ મળે.

પહેલાં તો કદાપિ શિક્ષકને એવું લાગશે કે પાઠનું બંધારણ કંઈ જરૂરનું નથી. તેનો અભ્યાસ તેને કરવો પડે છે, તેથી તેના કામમાં વધારો થાય છે, અને તેનું કામ સહેલું થવાને બદલે વધારે મુશ્કેલ લાગે છે. પણ જો તે આ રીતે ખંતથી કામ કર્યાં કરે તો અમને ખાતરી છે કે તેનો ઉપલો વિચાર બદલાય અને તેને લાગે કે જેમ તે ધારતો હતો તેમ નથી, પણ ઊલટું તેનું કામ સહેલું થાય છે. તેને માલૂમ પડશે કે મારે અમુક ખાસ વાત શીખવવાની છે અને સાંભળનારાઓને પણ લાગશે કે અમારે કંઈક ખાસ વાત શીખવાની છે, અને એ કારણથી તે નવા વિશ્વાસ, આશા અને આનંદથી પોતાનું કામ કરશે. આ વાતની અમને પાકી ખાતરી છે.

---

## ૧. માણસનું પતન

**૧. પૂર્વ તૈયારીના પાઠો :** ઉત્પત્તિ ૧ ; ૨૭ : ૨ ; ૮–૧૦, ૧૬–૧૭ : ૩ ; ૧–૨૧, ૨૩.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** ઉત્પત્તિ ૩ ; ૬–૧૩, ૨૩.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) માટીનાં વાસણો કોણ બનાવે છે તે તમે જાણો છો ?
(૨) હળ, ખાટલાના પાયા, વગેરે લાકડાનો સામાન કોણ બનાવે છે?
(૩) લાકડું અને માટી, પુરૂષ ને સ્ત્રી કોણે બનાવ્યાં તે તમે કહી શકો છો ?

ઈશ્વરે માણસને કેવી રીતે ઉત્પન્ન કર્યું તે હવે ધ્યાન દઈને સાંભળો. પહેલાં તે પાપ વગરનું, પૂર્ણ પવિત્ર હતું, પણ ઈશ્વરની આજ્ઞા તોડવાથી તે પતિત થયું તે વિષે હું તમને એક વાત કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) ઈશ્વરે બનાવેલી વાડીમાં મના કરેલું વૃક્ષ. ઉત્પ. ૨ ; ૮–૧૦ : ૧૬, ૧૭.
(૨) શેતાનથી લલચાઈને આદમ હવાએ ઈશ્વરની આજ્ઞા તોડી ... ... ... „ ૩ ; ૬.
(૩) અનાજ્ઞાંકિતપણાનું પરિણામ ; તેઓને વાડીમાંથી હાંકી કાઢવામાં આવ્યાં. પાપ આપણને ઈશ્વરથી અલગ કરે છે... ... „ ૩ ; ૨૩.
(૪) પાપ માટે ઈશ્વરનો ઇલાજ અને તારણને માટે ઈશ્વરયોજના. ... ... ઉત્પ. ૩ ; ૧૫.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

પાપનું ફળ આદમ ને હવાને એ મળ્યું કે ઈશ્વર સાથેનો તેમનો સંબંધ તૂટ્યો, અને તેઓનું આત્મિક રીતે મરણ થયું. આપણને પણ પાપનું એ જ ફળ મળવાનું ; પણ ઈસુ ખ્રિસ્તની મારફતે આપણને અને તેમને ઈશ્વરે તારણનું વચન આપ્યું છે.

**૬. મોઢે કરવાનું વાકય :**

"કેમકે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આસરે દેવનું કૃપાદાન, અંનતજીવન છે." રોમ. ૬ ; ૨૩.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમે પોતે પાપી છો એવું તમને લાગે છે ? પશ્ચાતાપ કરી આજે જ પોતાનાં પાપથી ફરશો અને તમારાં પાપની માફી તથા અનંતજીવનનું તેનું કૃપાદાન આજે જ તમે ઈશ્વર પાસેથી માગશો ?

૮. ગીત:

હું તો પાપી દીન બિચારો, (ભ. સં. ૩૦૧).

**શિક્ષકને સારૂ નોંધ:**—(૧) માણસને પાપથી છોડાવનાર એક આવશે તે વિષેનું પહેલું વચન ઉત્પત્તિ ૩; ૧૫માં છે; "તે તારૂં માથું છૂંદશે," એટલે કે ખ્રિસ્ત શેતાન પર જય પામશે.

---

## ૨. ખ્રિસ્તનો જન્મ

**૧. પૂર્વ તૈયારીનો પાઠ:** લુક ૨; ૧-૨૦.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** લુક ૨; ૮-૨૦.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

(૧) તમારા વખતમાં વસ્તીગણત્રી થઈ છે?

(૨) કોના હુકમથી ગણત્રી થાય છે? ગણત્રી કરતી વખતે શું કરવામાં આવે છે?

(૩) જ્યારે આપણા દેશમાં ગણત્રી થાય છે ત્યારે નામ નોંધાવવા લોકોને પોતાના ગામ કે શહેરથી દૂર બીજે ગામ કે શહેર જવું પડે છે? અથવા તો કોઈ માણસ ઘેરઘેર ફરી નામ નોંધી જાય છે?

આજે હું તમને એક પુરૂષ ને એક સ્ત્રીની વાત કહીશ કે જેઓને પોતાનાં નામ નોંધાવવા દૂર આવેલા શહેરમાં જવું પડ્યું, અને જ્યારે તેઓ ત્યાં પહોંચ્યાં ત્યારે સ્ત્રીએ એક અજબ છોકરાને જન્મ આપ્યો.

આ અજબ છોકરા વિષે, અને તે શા માટે એવો અજબ હતો, તે વિષેની વાત હું તમને કહું એવી તમારી મરજી છે? તો ધ્યાન દઈને સાંભળો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

(૧) વસ્તીગણત્રીને માટે મરિયમ તથા યુસફ બેથલેહેમ જાય છે જ્યાં ઈસુનો જન્મ થાય છે ... ... લુક ૨; ૩-૭

(૨) ખ્રિસ્તના જન્મ સંબંધી દૂત ઘેટાંપાળકોને વધામણી આપે છે ... ... ... લુક ૨; ૧૦-૧૪

(૩) ઘેટાંપાળકો તારનારને શોધી કાઢે છે અને તે સુસમાચાર બધે ફેલાવે છે ... ... લુક ૨; ૧૫-૧૮, ૨૦.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ:**

આપણે પોતે પોતાને બચાવી શકતાં નથી, તેથી આપણને આપણાં પાપથી બચાવવાને પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યો જુઓ લુક ૧, ૩૦-૩૫.

૬. મોઢે કરવાનું વાક્ય:

"તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમકે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે." માત્થી ૧; ૨૧.

૭. વ્યક્તિગત લાગુકરણ:

પ્રભુ ઈસુને તમારા તારનાર તરીકે શું તમે આજે જ સ્વીકારો છો, અને પછી તેના વિષે બીજાઓને કહેશો?

૮. ગીત:

ખુશી ખુશી છે આજ, (ભ. સં. ૭૯)

૯. શિક્ષકને સારૂ નોંધ:

ખ્રિસ્તનો જન્મ ચમત્કારિક હતો તેવું શીખવવા કાળજી રાખવી અને યુસફ નહિ પણ ઈશ્વર તેનો પિતા હતો તે વાત પર વિદ્યાર્થીઓનું લક્ષ ખેંચવું.

---

## ૩. ઉડાઉ દીકરો

૧. પૂર્વ તૈયારીનો પાઠ: લુક ૧૫; ૧૧-૨૪.

૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ: લુક ૧૫; ૧૭-૨૨, ૨૪.

૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:

(૧) પોતાનાં માબાપ સાથે એક જ ઘરમાં રહેવાની ના પાડી, ઘર છોડી દૂર નાસી ગએલા કોઈ છોકરા વિષે તમે કદી સાંભળ્યું છે?

(૨) શા કારણથી છોકરો આ પ્રમાણે વર્તે છે?

(૩) જ્યારે એવો છોકરો ઘર છોડી જાય ત્યારે તેને વારસાનો પોતાનો હિસ્સો મળે છે?

પોતાના બાપને મૂકીને એક છોકરો નાસી ગયો અને તેના વિયોગથી બાપને કેટલો બધો શોક થયો તે વિષે આજે હું તમને એક વાત કહીશ; વળી તમે એ પણ જોશો કે પિતાનો શોક આનંદમાં કેવી રીતે પલટાઈ ગયો.

૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:

(૧) વારસાનો પોતાનો હિસ્સો મેળવી, બાપને છોડી દૂર દેશમાં જઈ, દીકરો ત્યાં અધમ અને પાપી જિંદગી ગાળે છે. ... ... ... ... લુક ૧૫; ૧૩.

(૨) દીકરો પસ્તાવો કરી પાછો આવે છે. ... લુક ૧૫; ૧૯-૨૧.

(૩) બાપ દીકરાને માફ કરી તેનો અંગીકાર કરી, હરખ કરે છે.... ... લુક ૧૫; ૨૦, ૨૨-૨૪

૫. વાત પરથી મળતો આત્મિક બોધ :

પાપને લીધે પોતાના બાપથી જુદા પડેલા પેલા ઉડાઉ દીકરાની માફક આપણે પણ પાપે કરીને ઈશ્વરથી વેગળા થએલા છીએ, પણ જો આપણે પસ્તાવો કરી પાપ તજી દઈએ, અને માફી મેળવવા માટે ઈશ્વરની પાસે જઈએ, તો જેમ પેલા બાપે પોતાના દીકરાને માફ કર્યું તેમ ઈશ્વર આપણને આપણાં પાપ માફ કરી આપણો અંગીકાર કરશે.

૬. મોઢે કરવાનું વાકય :

"જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ. યોહા. ૬ ; ૩૭.

૭. વ્યક્તિગત લાગુકરણ :

તમે હમણાં જ આ પળે તમારાં પાપ મૂકી દેશો, અને પસ્તાવો કરી માફી મેળવવા આપણા આકાશવાસી પિતા પાસે આવશો ?

૮. ગીત :

ઘેર વળો, રે, ઘેર વળો, સહુ જે ભટકેલા; (ભ. સં. ૨૫૮).

---

## ૪. બી વાવનાર

૧. પૂર્વ તૈયારીના પાઠ : માર્ક ૪ ; ૩-૮, ૧૪-૨૦.

૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ : માર્ક ૪ ; ૩-૮.

૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :

(૧) જુદી જુદી જાતનાં અનાજનાં નામ કહો.
(૨) અનાજ કયાં ઉગે છે ?
(૩) બી વાવવાને માટે ખેડૂત જમીન કેવી રીતે તૈયારી કરે છે ?
(૪) વાવેતર કરતા કોઈ ખેડૂતને તમે કદી જોયો છે ?

આજે હું તમને એક ખેડૂત વિષે વાત કહીશ. તે બી વાવવા બહાર ગયો અને તે બી જુદી જુદી જગાએ પડયાં. તે ખેડૂતને ત્યાં કેવો પાક થયો તે જાણવાની શું તમારી ઇચ્છા છે ? ધ્યાન દઈને સાંભળો, એટલે હું તમને તે કહીશ.

૪. વાતમાં શીખવવાના મુખ્ય મુદ્દા :

(૧) કેટલાંક બી રસ્તાની કોરે પડયાં
ને પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં. ... માર્ક ૪ ; ૪.
(૨) કેટલાંક બી પત્થરવાળી ભોંયમાં પડયાં
અને તાપથી બળીને ચીમળાઈ ગયાં. ... ,, ૪ ; ૫, ૬.

(૩) કેટલાંક બી કાંટાનાં જાળાંમાં પડયાં અને
તેથી તે દબાઈ ગયાં. ... ... માર્ક ૪; ૭.
(૪) બીજાં બી સારી ભોંયમાં પડયાં અને
તેથી સારો પાક થયો. ... ... „ ૪; ૮.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ:**

(૧) રસ્તાની કોરની જમીન એટલી બધી કઠણ હોય છે કે બી જમીનમાં ઊતરી શકતાં નથી, તેજ પ્રમાણે ઘણા લોકોનાં હૃદય એટલાં બધાં કઠણ હોય છે કે ઈશ્વરનું વાતરૂપી બી તેમના મનમાં ઊતરતું નથી.

(૨) જે પત્થરવાળી ભોંયમાં પડયાં તે તરત ઊગી નીકળ્યાં ખરાં પણ જલદી ચીમળાઈ ગયાં, તેજ પ્રમાણે ઘણા લોક આનાકાની કર્યા વગર ઈશ્વરની વાતનો અંગીકાર કરવા તૈયાર હોય છે, પણ સતાવણી કે સંકટ આવે છે, ત્યારે તેનો નકાર કરે છે.

(૩) કાંટામાં પડેલાં બી દબાઈ ગયાં તેજ પ્રમાણે ઘણા લોકો ઈશ્વરની વાત સાંભળે છે ખરા, પણ જગતની ચિંતા, દોલતની માયા તથા સગાં અને મિત્રોનો વિરોધ વચનને દાબી નાખે છે, ને તે નિષ્ફળ જાય છે.

(૪) જેમ સારી જમીનમાં પડેલાં બી ઊગે છે અને સારો પાક થાય છે તેમ જેઓ ઈશ્વરની વાત સાંભળે છે ને ગ્રહણ કરે છે તેઓ ઘણાં ફળ આપે છે.

**૬. મોઢે કરવાનું વાકય:**

"જેટલાંએ તેનો અંગીકાર કર્યો,...તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો." યોહાન ૧; ૧૨.

**૭. વ્યક્તિગત લાગુકરણ:**

તમારૂં હૃદય કઈ જાતની ભોંયના જેવું છે? તમારૂં હૃદય પોચી અને રસાળ ભોંય જેવું થાય અને ઈશ્વરનાં વચનરૂપી બી તેમાં ફળે અને ફાલે તેવી માંગણી ઈશ્વર પાસે કરશો?

**૮. ગીત:**

વાવતાં પોહ તો ફાટતે, વાવતાં સૂર માથે જતે, (ભ. સં. ૪૪૯).

---

## ૫. મોટું જમણ

**૧. પૂર્વ તૈયારીના પાઠ:** લુક ૧૪; ૧૬–૨૪.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** લુક; ૧૪; ૧૬–૨૪.

### ૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :

(૧) તમારામાંના કોણે કોણે લગ્નજમણમાં ભાગ લીધો છે?
(૨) આવા જમણને માટે અગાઉથી ઘણી તૈયારી કરવી નથી પડતી?
(૩) આવા જમણમાં નોતરૂં મળ્યાથી લોકોને ખુશી ઊપજતી નથી?

આવા એક જમણમાં એક પૈસાદાર માણસે નોતરેલા માણસો વિષેની આજની આપણી વાત છે. નોતરાએલા ગયા નહિ અને તેઓએ જાતજાતનાં બહાનાં કાઢયાં. હવે હું તે વાત કહું છું, તમે તે ધ્યાન દઈને સાંભળો.

### ૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :

(૧) કોઈએક ધનવાન માણસે આપેલું મોટું જમણ. લુક ૧૪; ૧૬.
(૨) મહેમાનોને આપેલું નોતરૂં અને જમણમાં ન આવવા માટે તેઓએ દેખાડેલાં ત્રણ બહાનાં. .. લુક ૧૪; ૧૭–૨૦.
(૩) મિજબાનની નિરાશા અને બીજા લોકોને આપેલું આમંત્રણ. ... ... .. લુક ૧૪; ૨૧.
(૪) આમંત્રણ ન સ્વીકારવાનું પરિણામ. .. લુક ૧૪; ૨૪.

### ૫. વાત પરથી મળતો આત્મિક બોધ :

જેમ પેલા પૈસાદાર માણસે મોટું જમણ કર્યું અને મહેમાનોને નોતરૂં આપ્યું પણ તેઓએ નોતરાનો સ્વીકાર કર્યો નહિ; તે જ પ્રમાણે ઈશ્વર પિતાએ ઈસુ ખ્રિસ્તની મારફતે તારણ સિદ્ધ કર્યું છે અને તે દરેકને નોતરૂં આપે છે, છતાં લોકો આજે પણ એવાં જ બહાનાં કાઢે છે અને કહે છે, "ધર્મની વાતો પર ધ્યાન આપવાને મને વખત નથી; જો હું ખ્રિસ્તી થાઉં તો મારાં સગાંવહાલાંઓ મને ઘરમાંથી કાઢી મૂકે અને મારાં છોકરાંનાં લગ્ન વગેરેની વ્યવસ્થા થઈ શકે નહિ."

### ૬. મોઢે કરવાનું વાકય :

"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ." માત્થી ૧૧; ૨૮.

### ૭. વ્યક્તિગત લાગુકરણ :

જે તારણ ઈશ્વર પિતા તમને આપવા ચાહે છે તે તમે અત્યારે જ સ્વીકારવાને તૈયાર છો, કે બહાનાં કાઢો છો?

### ૮. ગીત :

સુણો, સુણો ત્રાતાની આ વાત જો, (ભ. સં. ૨૭૦).

## ૬. ખોવાએલું ઘેટું

**૧. પૂર્વ તૈયારીના પાઠ**:—યોહા. ૧૦ ; ૧–૫, ૧૧, ૧૪, ૧૫, ૨૭. લુક ૧૫ ; ૩–૭ ; યશા. ૫૩ ; ૬.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ**:—લુક ૧૫ ; ૩–૭.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

(૧) ઘેટાં પાળનાર કોઈ માણસને તમે ઓળખો છો ?

(૨) ઘેટાંનું પોષણ તે કેવી રીતે કરે છે ?

(૩) ઘેટાંને વાડામાં કે ઘરમાં પૂરી રાખી ખવડાવે છે કે તેમને લીલાં બીડમાં ચરવા લઈ જાય છે ?

(૪) જો કોઈ ઘેટું ખોવાઈ જાય તો તેનો ધણી શું ચિંતા કરે છે ; અથવા શું તે એવો વિચાર કરે છે, કે "મારી પાસે ઘણાં ઘેટાં છે, તો એકની શી પરવા ?"

હવે સાંભળો, હું તમને એક ઘેટાંપાળકની વાત કહું છું. તેનું એક ઘેટું ખોવાઈ ગયું ત્યારે તે ઘણો દુ:ખી થયો. મુસીબત વેઠીને તેણે તેની શોધ કરી ને તે તેને જડયું ત્યાં સુધી તે જંપીને બેઠો નહિ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

(૧) ઘેટાંપાળક તથા ઘેટાં, અને તેમનો પરસ્પર સંબંધ...લુક ૧૫ ; ૪, ૫, યોહાન ૧૦ ; ૩, ૪, ૧૪.

(૨) ઘેટું ખોવાઈ જાય છે અને ઘેટાંપાળક શ્રમ વેઠીને તેની શોધ કરે છે ... ...લુક ૧૫ ; ૪ : યોહાન ૧૦ ; ૧૧.

(૩) ઘેટાંપાળક ખોવાએલા ઘેટાને શોધી કાઢે છે ને ઘેર લાવી આનંદ કરે છે. ... ...લુક ૧૫ ; ૫, ૬.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ:**

આપણે બધા ભૂલા પડેલા ઘેટાની માફક ભટકી ગયાં છીએ, પણ આપણ દરેકને તારવાને પ્રભુ ઈસુ ઉત્તમ ઘેટાંપાળક આ જગતમાં આવ્યો છે.

**૬. મોઢે કરવાનું વાકય:**

"ખોવાએલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે." લુક ૧૯ ; ૧૦.

**૭. વ્યક્તિગત લાગુકરણ:**

તમે જાણો છો કે ઈસુ તમને શોધે છે ?

પ્રેમી ઘેટાંપાળક ઈસુ જેણે આપણે માટે પોતાનો પ્રાણ આપ્યો તેના પર શું તમે પ્રેમ નહિ કરો અને તેની પાછળ નહિ ચાલો ?

૮. ગીત :

હું તો નિર્બુદ્ધ મેષ હતો, ચહાતો નહિ વાડો ; (ભ. સં. ૨૮૬).

---

## ૭. પક્ષઘાતીને સાજો કર્યો

**૧. પૂર્વ તૈયારીનો પાઠ :** માર્ક ૨ ; ૧-૧૨.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** માર્ક ૨ ; ૩-૧૨.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) લકવાને લીધે હાલીચાલી ન શકે એવા કોઈ માણસને તમે કદી જોયો છે ? આવી રીતે અશક્ત થઈ જવું કોઈને સારૂં લાગે ?

(૨) જો તમારૂં કોઈ સગું આ અસાધ્ય રોગથી પીડાતું હોય અને એ રોગ મટાડે એવા કોઈ વૈદની તમને ખબર હોય તો તમારા તે સગાને તમે શું તે વૈદની પાસે નહિ લઈ જાઓ ?

એક તદ્દન અશક્ત માણસ કેવી અજબ રીતે સાજો થયો તે વિષે હું તમને વાત કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) લાચાર પક્ષઘાતી. ... ... ...માર્ક ૨ ; ૩.

(૨) તેને ઈસુ પાસે લઈ જવામાં તેના મિત્રોને જે મુશ્કેલીઓ નડી તે તેઓએ કેવી રીતે હઠાવી...માર્ક ૨ ; ૪.

(૩) તે માણસના હકમાં ખ્રિસ્તે કરેલો બેવડો ચમત્કાર;
પહેલાં તેણે પક્ષઘાતીનાં પાપ માફ કર્યાં, અને
પછી તેના શરીરનો રોગ મટાડયો. ... ...માર્ક ૨;૫, ૧૦-૧૨.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ ઈસુએ પક્ષઘાતીને સાજો કર્યો તેમ તે આપણા આત્માને લાગેલો પાપરૂપી જીવલેણ રોગ મટાડી આપણને બચાવી શકે છે.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

“જેઓ એની મારફતે દેવની પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે.” હેબ્રી. ૭ ; ૨૫.

૭. **વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે આજે ખ્રિસ્ત પાસે આવીને તમારા આત્માનો પાપરૂપી રોગ મટાડવા તેની વિનંતી કરશો ?

૮. **ગીત :**

મહાન વૈદ પાસ છે, દયા ભરેલ ઈસુ ; ( ભ. સં. ૨૭૨ ).

---

## ૮. જન્મના આંધળા માણસને ઈસુએ દેખતો કર્યો

૧. **પૂર્વ તૈયારીનો પાઠ :** યોહાન ૯ ; ૧-૩૮.

૨. **પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** યોહાન ૯ ; ૬-૧૧.

૩. **પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) તમે કદી આંધળો માણસ જોયો છે ?

( ૨ ) તમે જેમ આમતેમ જલદીથી હરીફરી અને દુનિયાની રળિયામણી ચીજો જોઈ આનંદ માનો છો, તેમ આંધળો માણસ કરી શકે ?

( ૩ ) જન્મથી આંધળો દેખતો થયો હોય એવી વાત તમે કદી સાંભળી છે ?

( ૪ ) જન્મથી આંધળા માણસને દેખતો કરી શકે એવા કોઈ વૈદ વિષે તમે જાણો છો ?

જન્મથી આંધળાને સાજા કરનાર એક અજબ વૈદ વિષે આજની આપણી વાર્તા છે. ધ્યાન દઈને સાંભળો અને તેણે તેને કેવી રીતે દેખતો કર્યો તે હું તમને કહીશ.

૪. **શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) જન્મથી આંધળો માણસ. ... ...યોહાન ૯ ; ૧.

( ૨ ) આંધળાને જેમ ઈસુએ કહ્યું તેમ તેણે કર્યું અને દેખતો થયો. ... ... ...યોહાન ૯ ; ૭.

( ૩ ) લોકોએ સાજા કરાએલા માણસની નિંદા ને મશ્કરી કરી, તેને કાઢી મૂકયો. ... ...યોહાન ૯; ૧૮-૨૮, ૩૪.

( ૪ ) દેખતા થએલા માણસની સ્પષ્ટ સાક્ષી અને ઈસુ પર તેનો વિશ્વાસ. ... ... ...યોહાન ૯; ૨૫, ૩૮.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ આ માણસ શારીરિક રીતે આંધળો હતો અને અંધકારમાં પોતાનું જીવન વ્યતિત કરતો હતો તેમ જ્યાં સુધી ઈસુ આપણી આત્મચક્ષુઓ ન ખોલે અને આપણે તેને આપણા તારનાર તરીકે ન ઓળખીએ ત્યાં સુધી આત્મિક રીતે આપણે આંધળા જ છીએ.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

"એક વાત હું જાણું છું, કે હું આંધળો હતો અને હવે હું દેખતો થયો છું." યોહાન ૯ ; ૨૫.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે આજે ઈસુ પાસે આવી એવું નહિ માગો કે તે તમારી આત્મિક આંખો ઉઘાડે જેથી તમે તેને તમારા તારનાર અને મિત્ર તરીકે જુઓ અને ઓળખો.

**૮. ગીત :**

જન્મ થકી અવળી મુજ વાતો સર્વ ગએલી ; ( ભ. સં. ૩૫૦ ).

---

## ૯. મરી ગએલા લાજરસને જીવતો કર્યો

**૧. પૂર્વ તૈયારીનો પાઠ :** યોહા. ૧૧ ; ૧-૪૪.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** યોહા. ૧૧ ; ૧૪, ૩૮-૪૦, ૪૩, ૪૪.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) મરેલા માણસને તમે કદી જોયો છે ?

(૨) કબરમાં દટાયા પછી કોઈ માણસ કદી જીવતો થઈ શકે ?

ચાર દિવસના મરેલા અને કબરમાં દટાએલા માણસને જીવતો કરવામાં આવ્યો તે વિષે આજ હું તમને વાત કરીશ. શું આ વાત અજાયબ જેવી ન કહેવાય ? હવે ધ્યાન દઈ સાંભળો અને તે કેવી રીતે જીવતો થયો તે તમે જાણશો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) લાજરસના મરણને લીધે ઘરમાં થએલો શોક તથા વિલાપ. ... ... યોહા. ૧૧ ; ૧૯, ૩૩, ૩૫.

(૨) બે બહેનો માટે ઈસુની સહલાગણી અને તેઓનાં દુ:ખમાં તેણે લીધેલો ભાગ. „ ૧૧ ; ૩૩, ૩૫, ૩૬, ૩૮.

(૩) ઈસુ અને તેની ઐશ્વરી શક્તિ પર
મારથાનો વિશ્વાસ. ... ... યોહા. ૧૧ ; ૨૧, ૨૨, ૨૭.

(૪) ઈસુ લાજરસને જીવતો કરે છે ને તેથી
શોક મટીને આનંદ થાય છે. ... „ ૧૧ ; ૪૩, ૪૪.

૫. વાત પરથી મળતો આત્મિક બોધ :

જો હજુ સુધી આપણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો ન હોય તો જેમ લાજરસ શારીરિક રીતે મરી ગયો હતો તેમ આપણે પાપમાં આત્મિક રીતે મૂએલાં છીએ. સદાકાળ ટકે એવું આત્મિક જીવન ઈસુ હમણાં જ આપી શકે છે.

૬. મોઢે કરવાનું વાક્ય :

" તમે અપરાધોમાં તથા પાપોમાં મૂએલા હતા, ત્યારે [તેણે તમને સજીવન કર્યા]. " એફે. ૨ ; ૧.

૭. વ્યક્તિગત લાગુકરણ :

તમે ખ્રિસ્ત કે જે જીવન છે તેનો સ્વીકાર કર્યો છે ? જો ન કર્યો હોય તો આજે જ ઈસુ પાસે માગો કે તે તમને આત્મિક જીવન આપે, જેથી કરીને હવેથી તમે તેને માટે જીવો અને મરણ પછી સદાકાળ સુધી સ્વર્ગમાં તેની સાથે રહો.

૮. ગીત :

જીવતો જો રહું, ખ્રિસ્ત કાજે રહું ; (ભ. સં. ૩૧૨).

---

## ૧૦. ઈસુનું વધસ્તંભે જડાવું

૧. પૂર્વ તૈયારીના પાઠ : લુક ૨૩ ; ૧-૪૯, માર્ક ૧૫ ; ૧-૪૧, માથ્થી ૨૭ ; ૧-૫૬ ; યોહા. ૧૮ ; ૨૮-૪૦, ૧૯ ; ૧-૩૭.

૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ : લુક ૨૩ ; ૩૩, ૩૪, ૩૯-૪૬.

૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :

(૧) એવો કોઈ તમારો મિત્ર છે કે જેના પર તમે ઘણી જ પ્રીતિ રાખો છો ?

(૨) જો તે મિત્ર માંદો કે જોખમમાં હોય તો શું તમે તેને મદદ નહિ કરો ?

(૩) પણ જો તમારા મિત્રને મોતની શિક્ષા થઈ હોય તો શું તેને બદલે મરવાને તમે તૈયાર થશો ?

સાંભળો, હું આપણા એક અજબ મિત્ર વિષે તમને કહીશ કે જેણે આપણા દરેક ઉપર એટલી બધી પ્રીતિ કરી કે તેણે આપણે બદલે પોતાનો પ્રાણ આપ્યો.

## ૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :

( ૧ ) મુકરદ્દમાની તપાસ અને ઈસુને છોડી દેવા
પીલાતની કોશિશ ... ... ... લુક ૨૩; ૧-૪, ૧૩-૧૬, ૨૨.

( ૨ ) ખૂનીને છોડી દીધો અને જીવનના પ્રભુને
મોતની શિક્ષા કરી ... ... ... લુક ૨૩; ૧૭-૧૯, ૨૫.

( ૩ ) ખ્રિસ્તનાં દુઃખ :
૧. કોરડા માર્યા ... ... ... માત્થી ૨૭; ૨૬.
૨. કાંટાનો મુગટ ... ... ... માત્થી ૨૭; ૨૯, ૩૦.
૩. ખ્રિસ્તની ઠઠ્ઠા ... ... ... માર્ક ૧૫; ૧૬-૨૦.

( ૪ ) વધસ્તંભે ઈસુને જડ્યો તે સંબંધીની કેટલીએક વિગત :—
૧. સીમોન પાસે જોરજુલમથી વધસ્તંભ ઊંચકાવ્યો. લુક ૨૩; ૨૬.
૨. લોકોનું મોટું ટોળું ... ... લુક ૨૩; ૨૭, ૨૮.
૩. ખીલા ... ... ... યોહા. ૨૦; ૨૫.
૪. બે ચોર ... ... ... લુક ૨૩; ૩૨, ૩૩, ૩૯-૪૩.
૫. પોતાના શત્રુઓને માટે ઈસુની પ્રાર્થના. લુક ૨૩; ૩૪.
૬. ઇસુનું મરણ ... ... ... લુક ૨૩; ૪૬.

## ૫. વાત પરથી મળતો આત્મિક બોધ :

આ વાત પરથી બે વસ્તુ શીખીએ છીએ :

( ૧ ) આપણે માટે ઇસુનો પ્રેમ કેટલો બધો હશે કે તેણે રાજીખુશીથી આટલું બધું દુઃખ સહન કર્યું.

( ૨ ) પાપ કેટલું બધું ભયંકર છે કે તેથી આપણો બચાવ કરવા ઈસુને આટલું બધું સહન કરવું પડયું.

## ૬. મોઢે કરવાનું વાકય :

દેવના દીકરાએ...મારા પર પ્રેમ રાખ્યો, અને મારે સારૂ પોતાનું અર્પણ કર્યું. ગલા. ૨; ૨૦.

## ૭. વ્યક્તિગત લાગુકરણ :

આ પ્રેમી પ્રભુ, કે જેણે પોતાને આપણે માટે આપી દીધો, તેના પર તમે પ્રીતિ નહિ કરો ને તેને તમારી જિંદગી અર્પણ નહિ કરો ?

## ૮. ગીત :

ઈસુ પ્રેમી, ઈસુ ત્રાતા. ( ભ. સં. ૧૧૫ ).

———

## ૧૧. પુનરૂત્થાન અને સ્વર્ગારોહણ

**૧. પૂર્વતૈયારીના પાઠ:** માત્થી ૨૭; ૫૭–૬૧, ૨૮; ૧–૧૦, ૧૬–૨૦ પ્રે. કૃ. ૧; ૩, ૯–૧૧. માર્ક ૧૬; ૧–૭, ૧૯, યોહાન ૧૯; ૩૮–૪૨, ૨૦; ૧–૧૬.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** માર્ક ૧૬; ૧–૭.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

(૧) ગઈ વાર્તામાં ઇસુના મરણ વિષે આપણે શીખી ગયા એ તમને યાદ છે?
(૨) તેના મિત્રોએ તેનું શરીર વધસ્તંભ પરથી ઉતારીને ક્યાં આગળ મૂક્યું?
(૩) ઈસુના શબને કબરમાં મૂકતાંની સાથે જ તેની વાતનો અંત આવે છે?

ઈસુ મરણમાંથી પાછો ઊઠયો, તે વિષે હું જે વાત કહું તે ધ્યાનપૂર્વક સાંભળો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

(૧) ઈસુનું શરીર વધસ્તંભ પરથી ઉતારીને કબરમાં મૂકવામાં આવ્યું ... ... ... ... માત્થી ૨૭; ૫૭–૬૧.

(૨) ત્રીજે દિવસે પ્રથમ ત્રણ શિષ્યા અને પાછળથી બે શિષ્ય કબર આગળ જાય છે અને તેમને માલૂમ પડે છે કે ઈસુ ઊઠયો છે.

(૩) ઈસુના પુનરૂત્થાન પછી ૪૦ દહાડા દરમિયાન શિષ્યોને તેણે આપેલું દર્શન ... માર્ક ૧૬; ૧–૭, યોહાન ૨૦, ૧–૧૦, પ્રે, કૃ. ૧; ૩.

(૪) ઇસુની છેલ્લી આજ્ઞા તથા વચન અને તેનું આકાશગમન ... ... ... માત્થી ૨૮; ૧૬–૨૦, માર્ક ૧૬; ૧૯, પ્રે. કૃ. ૧; ૯.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ:**

પ્રભુ ઈસુ મૂએલાંમાંથી ઊઠયો છે અને હમણાં પણ જીવતો છે. પાપ અને શેતાન ઉપર જીત પમાડવાને તે આપણો સમર્થ મિત્ર તથા મદદગાર છે, અને પોતાના વચન પ્રમાણે હમેશાં આપણી સાથે જ છે.

**૬. મોઢે કરવાનું વાક્ય:**

"હું જીવંત છું; હું મુઓ પણ હતો, અને જુઓ સદાકાળ જીવતો છું." પ્રકટી. ૧; ૧૮: "અને જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." માત્થી ૨૮; ૨૦.

૭. વ્યક્તિગત લાગુકરણ :

પુનરૂત્થાન પામેલા જીવતા ખ્રિસ્તના પરાક્રમનો તમને દિન પર દિન અનુભવ થાય છે? જો તેમ ન હોય, તો તેને તમારા જીવનમાં આવવા અને તમારૂં જીવન જયવંત કરવા આજે જ વિનંતી કરશો ?

૮. ગીત :

ઈસુ જે બાળનો તારણહાર ( ભ. સં. ૫૯૯ ).

---

## ૧૨. સ્વર્ગ.

૧. **પૂર્વતૈયારીના પાઠ :** પ્રક. ૭ ; ૧૩–૧૭, ૨૧ ; ૧–૫, ૧૦, ૧૧, ૧૮, ૨૧–૨૭ ; ૨૨ ; ૧–૫, ૧૪–૧૭ ; યોહ. ૧૪ ; ૨, ૩, ૬.

૨. **પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** પ્રક. ૨૨ ; ૧–૫.

૩. **પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) મોટું શહેર તમારામાંના કેટલાએ જોયું છે ?

( ૨ ) કોઈ સુંદર મકાન કે રાજમહેલ તમે કદી જોયાં છે ?

( ૩ ) દીવાલો અને દરવાજા શાનાં બનાવેલાં હોય છે ?

હું તમને એક સુંદર શહેર કે જેનો કોટ સોનાનો અને દરવાજા મોતીના અને રસ્તાઓ સોનાના હતા તે વિષે વાત કરીશ. આ અજાયબ જેવા શહેર વિષે સાંભળવાનું તમને ગમશે ? તો પછી સાંભળો ?

૪. **શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) સ્વર્ગ કેવું સ્થળ છે ?

( અ ) સ્વર્ગમાં જોવામાં આવતી વસ્તુઓ :

(૧) સોનેરી નગર, પ્રક. ૨૧ ; ૧૮. (૨) મોતીના દરવાજા, પ્રક. ૨૧ ; ૨૧. (૩) મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં, યોહ. ૧૪ ; ૨. (૪) નિર્મળ નદી, પ્રક. ૨૨ ; ૧. (૫) જીવનનું ઝાડ, પ્રક. ૨૨ ; ૨. (૬) મધુર ગીત અને સંગીત પ્રક. ૧૪; ૨, ૩. (૭) ઈશ્વરભક્તિ, પ્રક. ૭; ૧૧, ૧૨, ૧૪.

( આ ) સ્વર્ગમાં જોવામાં નહિ આવે તેવી વસ્તુઓ :

(૧) પાપ, પ્રક. ૨૧ ; ૨૭. (૨) ભૂખતરસ, પ્રક. ૭ ; ૧૬. (૩) શોક, દુઃખ, રૂદન અને મરણ, પ્રક. ૨૧ ; ૪.

(૨) સ્વર્ગમાં કોણ રહે છે ?

ઈશ્વરબાપ, પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને પવિત્ર આત્મા, દૂતો તથા ખ્રિસ્તનાં લોહીથી શુદ્ધ થયેલાં માણસો. પ્રક. ૭ ; ૯–૧૩.

(૩) કેવા લોકો સ્વર્ગમાં જાય છે?

જેઓએ પોતાનાં પાપ તજી દીધાં છે અને જેઓ પ્રભુ પર પ્રેમ તથા વિશ્વાસ કરે છે ને તેની સેવા કરે છે, તથા જેઓના નામ હલવાનના જીવનના પુસ્તકમાં લખેલાં છે તેઓ. પ્રક. ૨૧ ; ૨૭.

(૪) સ્વર્ગે જવાનો રસ્તો કયો છે?

પ્રભુ ઈસુ પોતે, યોહ. ૧૪ ; ૬.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

આ જગતમાં પ્રભુ ઈસુ આપણને પાપથી બચાવે છે એટલું જ નહિ, પણ પરલોકમાં તેણે આપણે સારૂ સુંદર જગા તૈયાર કરી છે કે જેમાં આપણે સંપૂર્ણ આનંદ ભોગવતાં તેની સાથે સદાકાળ રહીએ.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

"મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત ; કેમકે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. યોહ. ૧૪ ; ૨.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

મરણ પછી સ્વર્ગમાં જવાની તમારી મરજી છે? જો એમ હોય તો શું તમે ત્યાં જવાને તૈયાર છો? જો તૈયાર ન હો તો શું હાલ જ તમે તૈયારી કરશો?

**૮. ગીત :**

ભકતતણી છે શુભ શુભ નગરી, (ભ. સં. ૪૯૭).

---

## ૧૩. પાઊલ પ્રેરિતનું બદલાણ

**૧. પૂર્વતૈયારીના પાઠ :** પ્રે. કૃ. ૯ ; ૧-૨૯, ૧ તીમો. ૧ ; ૧૨-૧૬.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** પ્રે. કૃ. ૯ ; ૧-૧૧,૧૭-૨૨.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) તમારામાંના કોણે કોણે સુંદર પતંગિયું જોયું છે?

(૨) એક જાતની કદરૂપી ઇયળમાંથી પતંગિયું પેદા થાય છે એ શું તમે જાણો છો?

(૩) એ કેવી રીતે બને છે તે તમે કહી શકો?

જેમ કદરૂપી ઇયળમાંથી સુંદર પતંગિયું પેદા થાય છે તેમ આ જગત પરની જિંદગીમાં જ માણસ નવો જન્મ પામી તદ્દન નવો માણસ થાય છે તે વિષે આજની વાતમાં હું તમને કહીશ.

## ૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:

( ૧ ) ખ્રિસ્ત વિરૂદ્ધ પાઊલનો દ્વેષભાવ ... પ્રે. કૃ. ૯; ૧–૫.
( ૨ ) રસ્તા પર પાઊલને થયેલું ખ્રિસ્તનું દર્શન પ્રે. કૃ. ૯; ૪–૬.
( ૩ ) પાઊલનું બદલાણ:—
૧. પશ્ચાતાપ ... ... ... પ્રે. કૃ. ૯; ૯; ૧ તીમો. ૧; ૧૨.
૨. પ્રાર્થના ... ... ... પ્રે. કૃ. ૯; ૧૧.
૩. પવિત્ર આત્માથી ભરપૂર થયો ... પ્રે. કૃ. ૯; ૧૭.
૪. બાપ્તિસ્મા ... ... ... પ્રે. કૃ. ૯; ૧૮.
( ૪ ) પાઊલ ખ્રિસ્તને પ્રગટ કરવા લાગ્યો પ્રે. કૃ. ૯; ૨૦–૨૨.

## ૫. વાત પર મળતો આત્મિક બોધ:

જો આપણે ખ્રિસ્તના ખરા શિષ્ય થવું હોય તો જેમ પાઊલે ખ્રિસ્તનું દર્શન પામી પોતાના ભૂંડા માર્ગો જાણી તેમને તજી દીધા અને બદલાઈને તદ્દન નવો માણસ થયો, તેમ જ આપણે આપણાં પાપ મૂકી દઈ નવો જન્મ પામવો જોઈએ, અને ખ્રિસ્તના ખરા શિષ્યો થવું જોઈએ.

## ૬. મોઢે કરવાનું વાક્ય:

"તમારે નવો જન્મ પામવો જોઈએ." યોહ. ૩; ૭.

## ૭. વ્યક્તિગત લાગુકરણ:

તમારો નવો જન્મ થયો છે અને તમને આ નવું જીવન મળ્યું છે?

## ૮. ગીત:

ઈસુ, સામર્થ તારૂં, મન નવું કરનારૂં, ( ભ. સં. ૩૪૧ ).

## શિક્ષકને સારૂ નોંધ:

( ૧ ) ખ્રિસ્તી તરીકે જે રીતરિવાજો આપણે તજી દેવાનાં છે ( છતાં તજતાં નથી ) તે આ છે:—
લગ્નના વિધર્મી રિવાજો, માંદગી વખતે ને તહેવારોમાં થતી મૂર્તિપૂજા, બાધા, બારમું, શ્રાદ્ધ, વગેરે.

( ૨ ) ઈશ્વરના કામ માટે જે નાણાં આપણે આપીએ છીએ, અથવા જે કંઈ સારૂં આપણે કરીએ છીએ તે વિષે અભિમાન કરવો.

( ૩ ) ખ્રિસ્તી ધર્મની સત્ય વાતો શીખવાથી અથવા મોઢે કરવાથી નવો જન્મ થતો નથી, પણ તે પવિત્ર આત્માનું કામ છે; તે આપણા અંતઃકરણનું બદલાણ કરી ખ્રિસ્ત ઈસુમાં આપણી નવી ઉત્પત્તિ કરે છે, જે આપણી જિંદગીમાં થયેલા પરિવર્તનથી દેખાઈ આવે છે.

## ૧૪. પવિત્ર આત્મા

**૧. પૂર્વતૈયારીના પાઠ :** લુક ૨૪ ; ૪૯, પ્રે. કૃ. ૧ ; ૧–૧૫, ૨જો અધ્યાય.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** પ્રે. કૃ. ૨ ; ૧–૪.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

( ૧ ) તમને કોઈને કદી ઇનામ મળ્યું છે ?

( ૨ ) જો કોઈ તમારો સગો તમને ઇનામ આપવાનું વચન આપે, તો તે તમને મળશે એવી આશા તમે નહિ રાખો ?

સાંભળો, પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને એક અજાયબ જેવું દાન આપવાનું વચન આપ્યું, અને તેના શિષ્યોએ જ્યાંસુધી તે દાન તેમને મળ્યું નહિ, ત્યાંસુધી કેવી રીતે રાહ જોઈ અને આશા રાખી તે વિષે હું તમને કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

( ૧ ) પવિત્ર આત્મા મોકલવાનું ખ્રિસ્તનું વચન ... લુક ૨૪ ; ૪૯, પ્રે. કૃ. ૧ ; ૪, ૮ : ૨ ; ૩૮–૩૯.

( ૨ ) કોના પર પવિત્ર આત્મા આવ્યો ... પ્રે. કૃ. ૧ ; ૧૩–૧૫, ૨ ; ૪.

( ૩ ) કેવાં ચિહ્નોથી પવિત્ર આત્મા આપવામાં આવ્યો ?
(૧) પવન, (૨) અગ્નિ, (૩) અન્ય ભાષા બોલવાની આવડત ... ... ... ...પ્રે. કૃ. ૨ ; ૧–૪.

( ૪ ) પવિત્ર આત્મા ઉતરી આવ્યાનું પરિણામ ... પ્રે. કૃ. ૨ ; ૪૧.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

હવે પચાસમાના દિવસે પોતાનો આત્મા આ પ્રથમ શિષ્યો પર રેડી દીધો અને તેઓ બધા પવિત્ર આત્માથી ભરપૂર થયા. પરંતુ આ દાન તેમને જ માટે નહોતું; આપણે માટે પણ એ જ વચન છે. ઈશ્વરની એવી ઇચ્છા છે કે આપણે પણ પવિત્ર આત્માથી ભરપૂર થઈએ, જેથી કરીને ઈસુ સંબંધી સાક્ષી પૂરવા માટે તે આપણને સામર્થ્ય આપે.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

"પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો, અને... તમે મારા સાક્ષી થશો." પ્રે. કૃ. ૧ ; ૮.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

પવિત્ર આત્માથી તમારા અંતઃકરણો ભરપૂર થાય, તમારું શુદ્ધિકરણ થાય, અને સાક્ષી પૂરવા તમને બળ મળે એવું શું તમે ઇચ્છો છો ? જો તેમ હોય તો

આજે જ તે વચન પૂરું કરવા ઈશ્વરને વિનંતી કરો અને તે સબળ દાન માટે માગણી કરો.

**૮. ગીત:**

જીવનદાતા, પવિત્ર આત્મા (ભ. સં. ૨૩૧).

---

## ૧૫. સમૂહપ્રાર્થના

**૧. પૂર્વતૈયારીનો પાઠ:** માત્થી ૧૮; ૧૯, ૨૦. પ્રે. કૃ. ૧૨; ૧-૧૯.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** પ્રે. કૃ. ૧૨; ૧-૧૨.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

(૧) તમો આ ગામના ખ્રિસ્તીઓ પ્રાર્થના કરવા ભેગા મળો છો?

(૨) આવી એકત્રિત પ્રાર્થનાનો પ્રત્યુત્તર તમને મળ્યો છે?

(૩) તમે જાણો છો કે પ્રભુ ઈસુએ સમૂહપ્રાર્થના માટે ખાસ હુકમ આપ્યો છે? માત્થી ૧૮; ૧૯, ૨૦.

સાંભળો, ઈશ્વરે કેવી રીતે તેના લોકોની સંયુક્ત પ્રાર્થનાનો ઉત્તર આપ્યો તે વિષે હું તમને અજાયબ જેવી વાત આજે કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

(૧) રાજાએ ખ્રિસ્તીઓની સતાવણી કરી અને પીતરને બંદીખાનામાં નાખ્યો ... ... ... ...પ્રે. કૃ. ૧૨; ૧-૪.

(૨) પીતરના છૂટકારા માટે મંડળી પ્રાર્થના કરતી હતી ...પ્રે. કૃ. ૧૨; ૫.

(૩) તેઓની પ્રાર્થના સાંભળવામાં આવી અને તેને પરિણામે પીતરને છૂટો કરવામાં આવ્યો. ...પ્રે. કૃ. ૧૨; ૬-૧૨.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ:**

જેમ પેલાં ખ્રિસ્તીઓની પ્રાર્થના ઈશ્વરે સાંભળી અને પીતરને બંદીખાનામાંથી છૂટો કર્યો, તેજ પ્રમાણે જો આપણે ઈશ્વરની મરજી પ્રમાણે પ્રાર્થના કરીએ તો તે આપણી પ્રાર્થના સાંભળશે ને તેનો જવાબ આપશે.

**૬. મોઢે કરવાનું વાક્ય:**

"જો આપણે તેની ઇચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે." ૧ યોહાન ૫; ૧૪.

**૭. વ્યક્તિગત લાગુકરણ:**

આ ગામમાં ખ્રિસ્તીઓ તરીકે પ્રાર્થના માટે તમે ભેગા થાઓ છો? જો ના, તો અત્યારથી જ તેમ કરવાનું શરૂ કરશો અને તમને ઈશ્વર પ્રાર્થના કરતા શીખવે તે માટે તેને વિનંતી કરશો?

૮. ગીત :

સુણુ પાર્થ, પ્રભુ, તુજ દાસ તણી, ( ભ. સં. ૩૫૧ ).

## ૧૬. વ્યક્તિગત કામ

**૧. પૂર્વતૈયારીનો પાઠ** :—પ્રે. કૃ. ૮ ; ૨૬-૩૯.

**૨. પસંદ કરેલા જાહેર વાચન પાઠ** :—પ્રે. કૃ. ૮ ; ૨૬-૩૨, ૩૫-૩૮.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) તમારા મિત્રોને જ્યારે તમે મળો છો ત્યારે શા વિષે વાત કરો છો ?

( ૨ ) ખ્રિસ્તની મિત્રાચારીથી ઊપજતા આનંદના સહભાગીદાર બનાવી તેમને ખ્રિસ્ત પાસે દોરવા કદી યત્ન કરો છો ?

( ૩ ) ખ્રિસ્તથી તમને થયેલા લાભ વિષે વાત કરવાનો વિચાર તમને કદી આવે છે ?

સાંભળો, ગામ જતાં રસ્તે વાત કરીને ઈશ્વરના એક સેવકે કેવી રીતે એક મોટા પ્રધાનને ખ્રિસ્તની ગમ આણ્યો તે વિષે હું તમને કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) ફિલિપને ઈશ્વરે હુકમ કર્યો ને તે તેણે પાળ્યો. ...પ્રે. કૃ. ૮ ; ૨૬, ૨૭.

( ૨ ) તેણે રસ્તે ખોજાને ખ્રિસ્ત વિષે શિક્ષણ આપ્યું....પ્રે. કૃ. ૮ ; ૨૮-૩૫.

( ૩ ) ખોજો ખ્રિસ્તી થયો અને બાપ્તિસ્મા લીધું. .. પ્રે. કૃ. ૮ ; ૩૮.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ ફિલિપે રસ્તે વાત કરીને એક માણસને ખ્રિસ્તની ગમ આણ્યો તેમ જ લોકોને ખ્રિસ્ત વિષે કહેવાને અને તેમને તેની પાસે લાવવાને આપણને ઘણી તકો મળે છે. જેમકે રસ્તા ઉપર, શિયાળામાં તાપણી પાસે, ચોરા પર, નીંદણ કાઢતી વખતે અને કાપણીની વખતે ખેતરમાં, ઇત્યાદિ.

**૬. મોઢે કરવાનું વાક્ય:**

“ ઈસુએ કહ્યું મારી પાછળ આવો, ને હું તમને માણસોને પકડનારા કરીશ.” માત્થી ૪ ; ૧૯.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ઈશ્વરની સહાય મેળવીને પવિત્ર આત્માના પ્રરાક્રમે બીજાઓને પ્રભુ ઈસુ પાસે લાવવાનો શું તમે તમારા દૈનિક જીવનમાં રોજ પ્રયત્ન કરશો ?

**૮. ગીત :** આવો, ભાઈઓ, આવો સુવાર્તા સંભળાવીએ, ( ભ. સં. ૨૩૧ ).

## ૧૭. સાબ્બાથ

૧. **પૂર્વતૈયારીના પાઠ :** નિર્ગ. ૧૬ ; ૧–૩૧. ગણના ૧૧ ; ૭–૯, પ્રે. કૃ. ૨૦ ; ૭, હેબ્રી. ૧૦ ; ૨૫, ૧ કોરીંથ ૧૬ ; ૨.

૨. **પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** નિર્ગ. ૧૬ ; ૨૧–૨૭.

૩. **પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) એક અઠવાડિયાના દિવસ કેટલા ?
( ૨ ) તેઓનાં નામ કહો.
( ૩ ) તેમાંનો એક ખાસ દિવસ છે તે તમે જાણો છો ?
( ૪ ) આ ખાસ દિવસ અને બીજા દિવસ વચ્ચે શો તફાવત છે ?

સાંભળો, ઈશ્વરે પોતાનો દિવસ કેવી રીતે પવિત્ર પાળવાનો હુકમ આપ્યો એ વિષે હું તમને કહીશ.

૪. **શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) મિસરની ગુલામગીરીમાંથી છૂટા કરાયેલા ઈશ્વરના લોક વચનના દેશ તરફ મુસાફરી કરે છે ... ...નિર્ગ. ૧૯ ; ૧.

( ૨ ) લોકોને ખોરાકની જરૂર હતી તેથી ઈશ્વરે તેમને માટે માન્ના મોકલ્યું. તે દરરોજ સવારે ઝાકળની સાથે પડતું ... ... ... ... ...નિર્ગ. ૨૬ ; ૧૪, ૧૫.

( ૩ ) છઠ્ઠે દહાડે લોકો બે દહાડાને માટે માન્ના એકઠું કરતા. સાતમો દિવસ પ્રભુનો પવિત્ર દિવસ હતો અને તે દિવસે માન્ના પડતું નહિ, કારણ કે તે દિવસે લોકો ને કાંઈપણ કામ કરવાની મના હતી. ...નિર્ગ. ૧૬ ; ૫, ૨૨, ૨૩, ૨૫–૨૭.

૫. **વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ પુરાતન કાળમાં ઈશ્વરે પોતાના લોકોને શીખવ્યું તેમ હાલ પણ તે એવું ઇચ્છે છે કે પ્રભુનો દિવસ આપણે પવિત્ર પાળીએ અને તે દિવસે ધર્મના કામ સિવાય આપણે બીજાં કંઈ પણ કામ ન કરીએ, પણ વિશ્રામ અને ભક્તિ અર્થે તે દિવસનો ઉપયોગ કરીએ.

૬. **મોઢે કરવાનું વાકય :**

“ ૭ દિવસ સુધી કામ કરવામાં આવે ; પણ સાતમે દિવસે યહોવાહને સારૂ પવિત્ર એવો વિશ્રામનો સાબ્બાથ છે. ” નિર્ગ. ૩૧ ; ૧૫.

૭. **વ્યક્તિગત લાગુકરણ :**

જેની અગત્ય ના હોય તેવું કોઈપણ કામ કે ધંધોરોજગાર ન કરીને પ્રભુના દિવસને પવિત્ર પાળવા યત્ન કરો છો ? તેની આજ્ઞાનુસાર તે દિવસે ભકિત સેવામાં

અને વિશ્રામ લેવામાં ગાળવા પ્રયત્ન કરો છો? જો તેમ ન કરતા હો તો ભવિષ્યમાં તેમ કરવા માટે તેની સહાય આજે જ માગશો?

૮. ગીત:

ધન દહાડો ધન આદિત કેરો (ભ. સ. ૪૧).

**શિક્ષકને માટે નોંધ:**

(૧) સાબ્બાથ દિવસે મના કરેલાં કામ:

વેપારરોજગાર, દળવું, ખેતીકામ, મુસાફરી, ટોપલી બનાવવી, પંખા બનાવવા, સૂપડાં બનાવવા, જોડા સીવવા, ઇત્યાદિ.

આવાં કામ જ્યાં ખ્રિસ્તી લોકોના ખુદ અખત્યારમાં હોય ત્યાં તે ન કરવા પણ નોકર તરીકે બીજાના તાબામાં હોય તો તે કરવા ઉચિત છે એવું અમારૂં માનવું છે.

(૨) સાબ્બાથ દિવસે કરવાના કાર્યો:

ઈશ્વરની ભક્તિ કરવા ભેગા મળો; ઈશ્વરની સ્તુતિ માટે પણ વખત અલગ રાખો; તેનું વચન વાંચી પ્રાર્થના કરો; ઈશ્વરના કામ માટે દાનાર્પણ આપો અને બીજા લોકોને ખ્રિસ્ત વિષે જાણકાર કરો, ઇત્યાદિ.

દિવસ પૂરતું રાંધવાની અને જાનવરોની માવજત કરવાની છૂટ છે.

---

## ૧૮. દાનધર્મ (વિધવાની અધેલી વિષે વાત)

**૧. પૂર્વતૈયારીના પાઠ:** માર્ક ૧૨; ૪૧–૪૪.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ:** માર્ક ૧૨; ૪૧–૪૪.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા:**

(૧) ઈશ્વર આપણને પુષ્કળ આપે છે. તેનાં દાનો પૈકી (ઘર, આરોગ્ય, ખોરાક વગેરે) થોડાં ગણાવી શકો છો

(૨) આપણે પણ તેને આપીએ એવી તેની ઇચ્છા વિષે તમે કદી વિચાર કર્યો છે?

એક ગરીબ બાઈએ પોતાનું સર્વ કાંઈ ઈશ્વરને આપી દીધું તે વિષેની વાત સાંભળો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા:**

(૧) મંદિરમાં બેસીને લોકો પૈસા કેવી રીતે આપે છે તે ઈસુ જુએ છે ... ... માર્ક ૧૨; ૪૧.

(૨) બે જાતના આપનારા–પૈસાદાર અને ગરીબ ... માર્ક ૧૨; ૪૧, ૪૨.

(૩) ઈસુના ધારવા પ્રમાણે કોણે સૌથી વધારે આપ્યું? એ સૌથી વધારે માનવાનું કારણ શું? ... માર્ક ૧૨; ૪૩, ૪૪.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

વિધવાએ થોડું આપ્યું, તોપણ ઈસુ તે જોઈને ખુશી થયો અને શિષ્યોની આગળ તેનાં વખાણ કર્યાં ; તે જ પ્રમાણે જો કે આપણી પાસે થોડું જ આપવાનું હોય તોપણ જો તે ખુશીથી આપીએ તો તેથી ઈશ્વર રાજી થાય છે.

**૬. મોઢે કરવાનું વાકય :**

"ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે." ૨ કોરીં. ૯ ; ૭.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમારી શક્તિ પ્રમાણે નિયમિત રીતે પ્રભુના કામ માટે તમે કંઈ આપો છો ? જો એમ ન હોય તો આજથી તે પ્રમાણે આપવાનું શરૂ કરશો ?

**૮. ગીત :**

આપો પ્રભુને આનંદે, ( ભ. સં. ૩૯૭ ).

**નોંધ** : ( આપવાની બાબતમાં ટેકો મળે એવી સૂચના ).

દાન આપવા વિષેની બાબતમાં કેટલીક જગાએ ગામડાના ખ્રિસ્તીઓમાં અને શોધકોમાં "આશીર્વાદનું વાસણ" મોટી મદદરૂપ થઈ પડયું છે, એવું જાણવામાં આવ્યું છે. ઉપરોક્ત "આશીર્વાદનું વાસણ" ઘરમાં રાખવામાં આવે છે, અને દરેક વખતે એક ટંકને માટે જેટલું અનાજ કે આટો કાઢવામાં આવે તેમાંથી મુઠ્ઠી ભરીને મા કે કુટુંબમાં માની જગાએ જે હોય તે પેલા વાસણમાં નાખે છે. અઠવાડિયામાં એકવાર જ્યારે કામદાર તે ગામની મુલાકાતે આવે ત્યારે બધાં વાસણ સેવાસભામાં આણવામાં આવે છે. વાસણમાં જે હોય તે બહાર ઠાલવી, જોખી જેને તે વેચાતું લેવાની મરજી હોય તેને વેચાતું આપવામાં આવે છે. જે નાણું ઊપજે તે વાસણના માલિકના નામે બજાર ભાવે લખવામાં આવે છે : એમ બધું પ્રાર્થનાસહિત ઈશ્વરને અર્પણ કરવામાં આવે છે.

ઉપર જણાવેલી પ્રથા શરૂઆતમાં આપવા સંબંધી શિક્ષણ અર્થે ઉપયોગમાં લઈ શકાય, પરંતુ રફતે રફતે બધા ખ્રિસ્તીઓએ પોતાનો સાચો દશાંશ આપવો જોઈએ એવી અમારી માન્યતા છે.

---

## ૧૯. દસ કુમારિકાઓ

**૧. પૂર્વતૈયારીના પાઠ :** માત્થી ૨૫ ; ૧–૧૩.

**૨. જાહેર વાચનપાઠ :** માત્થી ૨૫ ; ૧–૧૩.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) તમે કદી લગ્નનો વરઘોડો જોયો છે ?

( ૨ ) આવો વરઘોડો કાઢવાનો હોય ત્યારે તેને માટે લોકો આગળથી તૈયારી કરતા નથી શું ?

( ૩ ) એવા વરઘોડામાં જવાનું લોકોને ગમે છે કે નહિ ?

લગ્નના એક મોટા વરઘોડા વિષે અને તેને માટે જે તૈયારી કરવામાં આવી તે વિષેની વાત કહીશ, તે સાંભળો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) વરરાજાની આવવાની રાહ જોતી દસ કુમારિકાઓ...માત્થી ૨૫ ; ૧, ૫.

( ૨ ) વરરાજા આવી પહોંચ્યો, પાંચ મૂર્ખ કુમારિકાઓની મશાલોમાં તેલ ન હતું ... ... ...માત્થી ૨૫ ; ૬-૯.

( ૩ ) પાંચ ડાહી કુમારિકાઓ વરરાજાની સાથે લગ્ન-જમણમાં ગઈ ... ... ... ...માત્થી ૨૫ ; ૧૦.

( ૪ ) પાંચ મૂર્ખીઓને અંદર જવા દેવામાં આવી નહિ. માત્થી ૨૫ ; ૧૧, ૧૨.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ પાંચ મૂર્ખ કુમારિકાઓને લગ્નજમણમાં દાખલ કરવામાં આવી નહિ તેજ પ્રમાણે ખ્રિસ્ત જે વખતે ફરી આવશે તે વખતે જો આપણે તેને મળવાને તૈયાર નહિ હોઈએ તો તેની સાથે સ્વર્ગમાં જઈ શકીશું નહિ.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

" તારા દેવને મળવાને તૈયાર થા. " આમોસ ૪ ; ૧૨.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે તમારાં પાપની માફી મેળવી છે ? પાપ તજીને ઈસુ ખ્રિસ્તને મળવા તૈયાર છો ? જો એમ ન હોય, તો હમણાં જ આવી તૈયારી કરશો ?

**૮. ગીત :** દસ કુમારિકાઓ નીકળી ( ભ. સં. ૧૪૮ ).

---

## ૨૦. આપણા પ્રભુનું પાછું આવવું

**૧. પૂર્વતૈયારીના પાઠ :** પ્રે. કૃ. ૧ ; ૯-૧૧. માત્થી ૨૪ ; ૪૪-૪૬, માત્થી ૨૫ ; ૧૩, ૧ થેસ્સ. ૪ ; ૧૩-૧૮. પ્રક. ૬ ; ૧૨-૧૭, લુક ૨૧ ; ૨૫-૨૭.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** પ્રે. કૃ. ૧ ; ૯-૧૧ ; ૧ થેસ્સ. ૪ ; ૧૬-૧૮.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) તમારો કોઈ સ્નેહી કદી લાંબી મુસાફરીએ ગયો છે ?

( ૨ ) પણ જલદી પાછા આવવાનું વચન આપી જો તમારો સ્નેહી ગયો હોય, તો તમે તેની રાહ નિરંતર નહિ જુઓ શું ?

સાંભળો, એક મહાન ગુરૂ પોતાના શિષ્યોને પાછા આવવાનું વચન આપી દૂર દેશ ગયો તે વિષે, અને તેના શિષ્યો તેની કેવી રાહ જોતા હતા તે વિષે, હું તમને કહીશ.

### ૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :

( ૧ ) ખ્રિસ્ત પાછો આવશે તે વિષેનું વચન ... ...પ્રે. કૃ. ૧ ; ૯–૧૧.
( ૨ ) ખ્રિસ્ત ક્યારે પાછો આવશે ? ... ... ...માત્થી ૨૫ ; ૧૩.
( ૩ ) ખ્રિસ્ત કેવી રીતે પાછો આવશે ? ... ...૧ થેસ્સ. ૪; ૧૩-૧૮.
( ૪ ) ખ્રિસ્ત પાછો આવશે ત્યારે શું થશે ? પ્રક. ૨૦ ; ૧૧–૧૩, ૧૫.
( ૫ ) જેઓ ખ્રિસ્તને ચાહે છે તેઓનો તેની સાથે ભવ્ય મેળાપ ... ... ... ૧ થેસ્સ. ૪ ; ૧૭.
( ૬ ) જેઓએ તેનો નકાર કર્યો છે તે બીશે અને આવનાર ન્યાય માટે નાસીપાસ થશે.
લુક ૨૧ ; ૨૫–૨૭, પ્રક. ૬ ; ૧૨–૧૭

### ૫. વાત પરથી મળતો આત્મિક બોધ :

જો આપણે ખ્રિસ્તના પાછા આવવાની અપેક્ષા રાખીએ તો તેને લીધે આપણે પાપથી દૂર રહીશું અને તેને માટે પૂરા મનથી કામ કરીશું ( ૨ પીતર ૩ ; ૧૪ ; પ્રકટી. ૨૨ ; ૧૨ ).

### ૬. મોઢે કરવાનું વાકય :

" એ માટે તમે પણ તૈયાર રહો ; કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે. " માત્થી ૨૪ ; ૪૪.

### ૭. વ્યકિતગત લાગુકરણ :

ઈસુ પાછો આવે છે ; જયવંત જીવન ગાળતાં અને તેને માટે શ્રમ ઉઠાવતાં શું તમે તેને મળવાને તૈયાર છો ?

### ૮. ગીત :

અંતના કાળમાં ખ્રિસ્ત તો આવશે, ( ભ. સં. ૫૦૯ ).

---

## ૨૧. સતાવણી

### ૧. પૂર્વતૈયારીના પાઠ : પ્રે. કૃ. ૧૬ ; ૨૨-૩૪.

### ૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ : પ્રે. કૃ. ૧૬ ; ૨૪–૩૪.

### ૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :

( ૧ ) ખ્રિસ્તી હોવાને લીધે તમારામાંના કોઈની સતાવણી થઈ છે ?
( ૨ ) ખ્રિસ્તી થયાને લીધે લોકોની સતાવણી કેમ થાય છે ?
( ૩ ) સતાવણીને લીધે ખ્રિસ્તના રાજ્યનો ફેલાવો અટકે છે શું ?
( ૪ ) જ્યારે લોકો તમારી સતાવણી કરે છે ત્યારે તમે ખુશી થાઓ છો કે દુ:ખી થઈ ગુસ્સે ભરાઓ છો ?

૪. **શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) લોકો પાઊલ તથા સીલાસની સામા થયા ... પ્રે. કૃ. ૧૬ ; ૨૨.

(૨) તેમને ફટકા મારીને બંદીખાનામાં નાખ્યા અને તેમના પગ હેડમાં પૂર્યા ... ... પ્રે. કૃ. ૧૬ ; ૨૩, ૨૪.

(૩) સતાવણીમાં આનંદ ... ... ... પ્રે. કૃ. ૧૬ ; ૨૫.

(૪) પરિણામ–દરોગો ખ્રિસ્તી થયો. ... ... પ્રે. કૃ. ૧૬ ; ૨૯–૩૪.

૫. **વાત પરથી મળતો આત્મિક બોધ :**

જ્યારે પાઊલ તથા સીલાસની સતાવણી થઈ ત્યારે તેઓએ ખુશીથી ખ્રિસ્તને માટે સહન કર્યું, તે જ પ્રમાણે જ્યારે આપણી સતાવણી થાય ત્યારે તેના નામને સારૂ આપણે દુઃખ સહેવા યોગ્ય ગણાયા તેથી આનંદ કરવો જોઈએ.

૬. **મોઢે કરવાનું વાક્ય :**

"જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પૂઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂદ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ ; કેમકે આકાશમાં તમારો બદલો મોટો છે." માત્થી ૫ ; ૧૧, ૧૨.

૭. **વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે ખ્રિસ્તને માટે દુઃખ સહન કરવા અને તેમાં આનંદ માનવા તૈયાર છો ?

૮. **ગીત :**

દેવ છે આશરો સંતનો રોજ, (ભ. સં. ૬૫).

**શિક્ષકને માટે નોંધ:** આપણે કંઈ ખોટું કરીએ અથવા આપણી ફરજ બજાવવામાં ગફલત કરીએ તેને લીધે કંઈ સહન કરવું પડે તે સતાવણી ન કહેવાય. ખ્રિસ્તને ખાતર ગેરવાજબી રીતે આપણે સહન કરવું પડે તેનું નામ સતાવણી છે.

---

## ૨૨. જૂઠું બોલવું

૧. **પૂર્વતૈયારીના પાઠ :** પ્રે. કૃ. ૪ ; ૩૨–૩૭, ૫ ; ૧–૧૧, એફે. ૪ ; ૨૫, કલો. ૩ ; ૯.

૨. **પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** પ્રે. કૃ. ૫ ; ૧–૧૧.

૩. **પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) કોઈ તમારી સાથે કદી જૂઠું બોલ્યું છે ?

(૨) જૂઠું બોલનાર પર કોઈ ભરોસો રાખે ?

(૩) જૂઠું બોલવાથી ઈશ્વરથી કંઈ સંતાડી શકાય?

સાંભળો, એક માણસે અને તેની સ્ત્રીએ જૂઠું કહેવાનો મનસૂબો કર્યો, પણ ઈશ્વરે અજબ રીતે તેમનું પાપ ઉઘાડું કરી દીધું તે વિષે, હું તમને એક વાત કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

(૧) ખ્રિસ્તી મંડળીની શરૂઆતમાં બધા ખ્રિસ્તીઓને સઘળાં વાનાં સામાન્ય હતાં. ... પ્રે. કૃ. ૪; ૩૨, ૩૪, ૩૫.

(૨) અનાન્યા તથા સાફીરાએ પોતાની મિલકત વેચી અને પોતાને માટે તેના મૂલ્યમાંથી કંઈ પાછું રાખી, બધું જ આપતાં હોય તેવો ઢોંગ કર્યો. .. પ્રે. કૃ. ૫; ૧, ૨.

(૩) જૂઠું ઉઘાડું પડી ગયું ... ... ... પ્રે. કૃ. ૫; ૩, ૪, ૭-૯.

(૪) જૂઠું બોલવાને લીધે તેમને થયેલી શિક્ષા. ... પ્રે. કૃ. ૫; ૫, ૬, ૧૦, ૧૧.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

અનાન્યા તથા સાફીરા જૂઠું બોલ્યાં તેથી ઈશ્વર ઘણો જ નાખુશ થયો; તેમ જ જ્યારે આપણે જૂઠું બોલીએ છીએ ત્યારે તે ઘણો નારાજ થાય છે, અને તેણે આપણને સ્પષ્ટ રીતે શીખવ્યું છે કે જે કોઈ જૂઠું બોલે છે તે તેની હજૂરમાં કે તેના ઘરમાં પ્રવેશ પામી શકતો નથી. આપણે ઈશ્વરને છેતરી શકતાં નથી.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

" જૂઠા હોઠો યહોવાહને કંટાળારૂપ છે." નીતિ ૧૨; ૨૨.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ઈશ્વર જૂઠને ધિક્કારે છે તે તમે જાણો છો? તમે હંમેશા સચ્ચાઈથી જીવન ગાળો માટે તેની મદદ માંગશો?

**૮. ગીત :**

સાચું સદાય બોલતાં ખોટું કર તું દૂર; (ભ. સં. ૫૮૨).

---

## ૨૩. મૂર્તિપૂજા કરવાનું પાપ

**૧. પૂર્વતૈયારીનો પાઠ :** ૧ રાજા. ૧૮; ૧૭-૩૯.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** ૧ રાજા. ૧૮; ૨૯-૩૯.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

(૧) મૂર્તિઓ શાની બનેલી હોય છે?

(૨) શું તેઓ હાલીચાલી કે વાત કરી શકે છે?

(૩) શું તેઓ સાંભળી કે જવાબ આપી શકે કે તેમના પૂજનારાઓને તેઓ મદદ આપી શકે?

મૂર્તિના પૂજનારાઓ કેવા શરમાઈ જઈ મૂંઝવણમાં પડ્યા, કારણ કે તેઓની મૂર્તિ પાસેથી તેઓને કંઈ પણ મદદ મળી નહિ, તે વિષે હું તમને એક વાત કહીશ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) પરમેશ્વરનો સેવક એલીયાહ રાજા આગળ આવ્યો ... ... ... ... ... ૧ રાજા. ૧૮ ; ૧૭–૨૦.

( ૨ ) દેવના લોકો તેમ જ મૂર્તિના પૂજનારાઓ સામે એલીયાહે કરેલો પડકાર ... ... ... ૧ રાજા. ૧૮ ; ૨૧–૩૫.

( ૩ ) એલીયાહનો વિશ્વાસ અને પ્રાર્થના ... ૧ રાજા. ૧૮ ; ૩૦, ૩૬, ૩૭.

( ૪ ) ઈશ્વરની સહાયતાથી એલીયાહની જીત ; પરિણામ ... ... ... ... ૧ રાજા. ૧૮ ; ૩૮, ૩૯.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

અસલના વખતમાં જેમ મૂર્તિઓ પોતાના પૂજનારાઓને કંઈ મદદ આપી શકતી ન હતી તેમ જ આજે પણ તેમની પૂજા કરવાથી કંઈ પણ મદદ મળતી નથી. મૂર્તિઓ કંઈ જ નથી ; માત્ર ઈશ્વર મદદ આપી શકે છે, અને એકલો તે જ પૂજવા યોગ્ય છે.

**૬. મોઢે કરવાનું વાકય :**

" તું તારે સારૂ કોઈ કોરેલી મૂર્તિ ન કર...કોઈ પણ ચીજની [ પ્રતિમા ] ન કર ; તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર. " નિર્ગમન ૨૦ ; ૪, ૫.

**૭. વ્યકિતગત લાગુકરણ :**

શું તમે મૂર્તિઓ પર ભરોસો રાખો છો, કે ખ્રિસ્ત પર ? જો ખ્રિસ્ત પર ભરોસો રાખતા હો તો દરેક જાતની મૂર્તિપૂજાને લગતાં ચિહ્નો તમે તજી દીધાં છે ? જો એમ ન હોય તો હાલ જ તેમ કરશો ?

**૮. ગીત:**

સત શાસ્ત્ર કહે, નહિ પાપ કરો ; ( ભ. સં. ૨૪૨ ).

**શિક્ષકને સારૂ નોંધ :—શિક્ષકે આ વાત પર ભાર મૂકવો જોઈએ કે દરેક આફત પ્રસંગે, બિમારી, દુ:ખ, મરણ અને દરેક જાતની ચિંતા સમયે, આપણે માત્ર ઈશ્વરની જ સહાયતા શોધવી જોઈએ ; એકલો તે જ તે આપી શકે છે.**

## ૨૪. મરણ

**૧. પૂર્વતૈયારીના પાઠ**: પ્રે. કૃ. ૬; ૭–૧૫, ૭; ૫૪–૬૦, ૮; ૨.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ**: પ્રે. કૃ. ૭; ૫૪–૬૦, ૮; ૨.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા**:

(૧) શું તમારાં સગાંસ્નેહીઓમાંનું કોઈ કદી મરણ પામ્યું છે?

(૨) તે વખતે શું થયું હતું?

(૩) શું મરણથી આપણે બીવું જોઈએ?

(૪) મરણ પછી શું થાય છે?

સાંભળો, એક ખ્રિસ્તી માણસના મરણ વિષે હું તમને વાત કહીશ; તેને મરણની બીક લાગી નહિ, કારણ કે પ્રભુ ઈસુ તેની સાથે હતો.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા**:

(૧) સ્તેફન નામના ઈશ્વરભક્ત ઉપર જૂઠું તહોમત મૂકવામાં આવ્યું અને તેનો સામનો કરવામાં આવ્યો ... ... ... ... પ્રે. કૃ. ૬; ૮–૧૪.

(૨) પોતાના સેવક સાથે ખ્રિસ્તની હાજરી ... પ્રે. કૃ. ૭; ૫૫, ૫૬.

(૩) પોતાના મરણ વખતે સ્તેફનને ખ્રિસ્તનું દર્શન થાય છે અને તે તેની પ્રાર્થના કરે છે. .. પ્રે. કૃ. ૭; ૫૫, ૫૬, ૫૯, ૬૦

(૪) સ્તેફનનું મરણ તથા દફન ... પ્રે. કૃ. ૭; ૫૯, ૬૦, ૮; ૨.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ**:

જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સ્તેફનની સાથે તેના મરણ વખતે હતો અને તેનામાંથી તેણે મરણની બધી બીક કાઢી નાખી, તે જ પ્રમાણે જો આપણે તેના પર વિશ્વાસ રાખીએ તો તે આપણી સાથે પણ રહેશે; અને જ્યારે આપણું અવસાન થશે ત્યારે તેના ગૌરવી સ્વર્ગભુવનમાં આપણને તેની સાથે લઈ જશે.

**૬. મોઢે કરવાનું વાક્ય**:

"જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોએ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમકે તું મારી સાથે છે." ગીત, ૨૩; ૪.

**૭. વ્યકિતગત લાગુકરણ**:

તમને મરણની બીક લાગે છે?

જો પ્રભુ ઈસુ પર તમારો વિશ્વાસ હોય તો તમને બીવાની કંઈ જરૂર નથી. માટે હાલ જ તમે તેના પર વિશ્વાસ કરશો?

૮. ગીત :

ધૂળ તો થશે દેહ આપણી, ( ભ. સં. ૫૫૪ ).

શિક્ષકને સારૂ નોંધ :—મરણ અને દફન વખતે વિધર્મી રીતરિવાજ કરવા નહિ એ પર શિક્ષકે ખાસ ભાર મૂકવો ; પણ પ્રાર્થનાસહિત મુડદું જમીનમાં દાટવું જોઈએ. દફનક્રિયા કરતી વખતે શાસ્ત્રમાંથી નીચેનાં વાકયો વાંચવાની અમે સૂચના કરીએ છીએઃ—યશ. ૨૫ ; ૮. પ્રકટી. ૨૧ ; ૪ : ૭ ; ૯–૧૭. યોહ. ૧૪ ; ૧–૩ : ૧ કોરીં. ૨ ; ૯ : યોહ, ૧૧ ; ૨૩–૨૬ : લુક ૨૩ ; ૪૩. ફિલિ. ૧ ; ૨૩ : ૧ કોરીં. ૧૫ ; ૫૧–૫૭ : થેસ્સા. ૪ ; ૧૩–૧૮.

---

# પવિત્રશાસ્ત્રની વધુ વાર્તા

## ૧. દાનીયેલ, પ્રાર્થવાદી માણસ

**૧. પૂર્વતૈયારીના પાઠ :** દાનીયેલ ૨ ; ૧-૩૦, ૬ ; ૧-૨૮, ૯ ; ૧-૨૩, ૧૦ : ૧૦-૧૫.

**૨. પસંદ કરેલો જાહેર વાચન પાઠ :** દાન. ૬ ; ૧૦-૧૩, ૧૬ ; ૧૯-૨૩.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) પ્રાર્થનાનો અર્થ તમે સમજો છો ?

( ૨ ) તેનો અર્થ શો ?

( ૩ ) તમે પ્રાર્થના કરો છો ?

( ૪ ) પ્રાર્થના તમારા દૈનિક જીવનનો એક ભાગ છે ?

આજે હું તમને એક પ્રાર્થવાદી માણસ વિષે વાત કહીશ. પ્રાર્થનાને તે દૈનિક અગત્યતા સમજતો, અને જો કે પ્રાર્થના કરવાથી તે આફતમાં આવી પડયો છતાં દિવસમાં ત્રણવાર પ્રાર્થના કરવાનું તે ચૂકતો નહિ.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) ધાર્મિક જુવાન માણસ, નામે દાનીયેલ વિદેશીઓના દેશમાં કેદી. તેની કુમારાવસ્થાથી જ પ્રાર્થના કરવાની આદત તેને પડી હતી ... દાન. ૬ : ૧૦ ; ૨ : ૧૭-૨૪ ; ૯ ; ૧-૫, ૧૬-૨૩ : ૧૦ ; ૧૨.

( ૨ ) ઇર્ષાખોર અમલદારો અને દાનીયેલને બરબાદ કરવાની તેમની યોજના ... દાન. ૬ ; ૪-૯.

( ૩ ) દાનીયેલ પ્રાર્થના કરવાનું મૂકતો નથી અને આજ્ઞાનો અનાદર કરવાનું પરિણામ ભોગવે છે—સિંહોનું બિલ ... દાન. ૬ ; ૧૦, ૧૧, ૧૬, ૧૭.

( ૪ ) દાનીયેલનો છૂટકારો અને ઈશ્વરનો મહિમા દાન ... ૬ ; ૧૯-૨૩, ૨૫-૨૭.

**૫. વાત પરથી મળતો આત્મિક બોધ :**

જેમ દાનીયેલ રોજ પ્રાર્થના કરતો અને તેમ કરવાનું સતત જારી રાખતો હતો તેમ દરેક બાબત પ્રાર્થનામાં આપણે ઈશ્વર સમક્ષ રજૂ કરવી જોઈએ.

**૬. મોઢે કરવાનું વાકય :**

"આત્મામાં સર્વ પ્રકારે તથા હરવખત પ્રાર્થના તથા વિનંતી કરો..." એફે. ૬ ; ૧૮.

**૭. વ્યકિતગત લાગુકરણ :**

તમે દરેક બાબત વિષે દરરોજ પ્રાર્થના કરો છો ?

જો તેમ ન કરતા હો તેમ કરવાની આદત આજથી જ પાડશો ?

૮. ગીત :

પ્રાર્થ કરો સર્વ ખ્રિસ્તીજનો, (ભ. સં. ૩૫૯).

---

## ૨. ખ્રિસ્તી લગ્ન

**ઇબ્રાહીમના દીકરાનું લગ્ન** : ઉત્પ. ૨૪.

**૧. પૂર્વ તૈયારીનો પાઠ** : ઉત્પ. ૨૪ ; ૧-૬૭.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ** : ઉત્પ. ૨૪ ; ૧-૪ : ૭ ; ૧૦-૩૧, ૫૭, ૫૯.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા** :

(૧) તમે કોઈ લગ્નમાં કદી ગયા છો ?
(૨) તે લગ્ન ખ્રિસ્તી લગ્ન હતું કે વિધર્મી ?
(૩) ખ્રિસ્તી માણસના કુટુંબમાં વિધર્મી લગ્ન થવું જોઈએ ?

આજે હું તમને એક એવા માણસ વિષે વાત કહીશ કે જેણે પોતાના પુત્રને માટે વિધર્મી સ્ત્રી લેવાની ના પાડી અને પોતાના પુત્ર માટે ઈશ્વરનું ભય રાખનાર ઘર, ઘણી મહેનતથી શોધી તેમાંથી તેને માટે કન્યા લીધી.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા** :

(૧) ઇબ્રાહીમ પોતાના પુત્ર માટે ઈશ્વરનું ભય રાખનાર કુટુંબમાંથી કન્યા શોધવા પોતાના વડા ચાકરને દૂર દેશ મોકલે છે ... ઉત્પ. ૨૪ ; ૪, ૫, ૧૦.
(૨) લગ્નની બધી તૈયારી પ્રાર્થનાસહિત કરવામાં આવી ... ઉત્પ. ૨૪ ; ૧૨-૧૪, ૨૬, ૨૭, ૪૨-૪૮.
(૩) અ. મુસાફરી, ઉત્પ. ૨૪ ; ૧૦.
બ. પ્રાર્થનાનો જવાબ, ઉત્પ. ૨૪ ; ૧૫-૨૭.
ક. તેની કાર્યસફળતા માટે ઈશ્વરનો આશીર્વાદ, ઉત્પ. ૨૪ ; ૪૨-૬૦.
ડ. પરિણામ ઈશ્વરથી પસંદ કરાયેલી કન્યા, સ્ત્રી તરીકે ઇબ્રાહીમના પુત્ર ઇસહાક પાસે લાવવામાં આવી, ઉત્પ. ૨૪ ; ૬૧-૬૭.

**૫. પાઠ પરથી મળતો આત્મિક બોધ** :

**જેમ** ઇબ્રાહીમે પોતાના પુત્ર માટે વિધર્મી લગ્ન કરવા ના પાડી **તેમ** આપણે આપણા સંતાનો માટે કરવું જોઈએ; તો ઈશ્વરનો આશીર્વાદ આપણા ઉપર

અને આપણા બાળકો ઉપર, ઇબ્રાહીમ અને તેના વંશ પર આવ્યો તેમ, આવ્યા વિના નહિ રહે.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

" અવિશ્વાસીઓની સાથે અઘટિત સંબંધ ન રાખો ... " ૨ કોરીં. ૬ ; ૧૪.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમારા બાળકોને ઇબ્રાહીમની માફક વિધર્મી લગ્નથી જોડવા ના પાડશો ; અને તમારી પસંદગીમાં ઈશ્વરની દોરવણી અને આશીર્વાદ માગશો ? લગ્નની બધી તૈયારી પ્રાર્થનાસહિત કરશો કે જેથી બધું તેની ઇચ્છા અનુસાર જ થાય ?

**૮. ગીત :**

રચી, દેવ, તે દુનિયા ખૂબ સારી, ( ભ. સં. ૫૨૨ ).

---

## ૩. ઇશ્વરનો ન્યાય

**૧. પૂર્વતૈયારીના પાઠ :** રોમ. ૨ ; ૨–૬ ; પ્રકટી. ૨૦ ; ૧૧–૧૫ ; ૨૧ ; ૮, ૨૭ : ૬ ; ૧૨–૧૭ : ૨. કોરીં. ૫ ; ૧૦. ૧૧ : યોહો. ૩ ; ૧૮, ૩૬ : હેબ્રી. ૨ ; ૧–૩ : પ્રકટી. ૨૨; ૧૨ : લુક. ૩ ; ૭,—" આવનાર કોપથી નાસો."

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** પ્રકટી. ૨૦ ; ૧૧–૧૫.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

જો તમારે કોઈ અદાલતમાં જવાનો પ્રસંગ આવે તો ન્યાયાધિશ અદલઇન્સારી અને પ્રામાણિક છે એવી ખબર પડતાં તમને આનંદ નહિ થાય ?

આજે હું તમારી નજર સામે એક અદાલતનો ચિતાર ખડો કરવા માગુ છું કે જેમાં ન્યાયાધિશ, જેમનો ન્યાય કરવાના છે તે પ્રત્યેકના સંબંધમાં ખરી હકીકત જાણે છે અને તે પોતે આપેલા ચુકાદામાં કદીપણ ભૂલથાપ ખાતા નથી.

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) ઈશ્વરે પોતાના એક સેવક નામે યોહાન, તેને અંતિમ ન્યાયના દિવસનું દિગ્દર્શન કરાવ્યું. તેણે જે જોયું તે આ છે :–

( અ ) એક મહાન શ્વેત ન્યાયાસન ઉપર બેઠેલો ઈશ્વર ;

( બ ) નાનાં મોટાં મરી ગયેલાં સઘળાં માણસો તેની સમક્ષ પોતે જીવન દરમ્યાન કરેલા કૃત્યોનો ન્યાય સાંભળવા ઊભા હતાં. પ્રકટી. ૨૦ ; ૧૧, ૧૨.

( ૨ ) આકાશમાં ઈશ્વર પાસે નોંધ પોથીઓ છે, જેમાં પ્રત્યેક પુરુષ અને સ્ત્રીએ જીવન દરમ્યાન કરેલાં કામોની નોંધ લેવામાં આવે છે. યોહાને જોયું તો આ પુસ્તકો ખોલવામાં આવ્યા અને તે આધારે દરેકનો ન્યાય કરવામાં આવ્યો. પ્રકટી. ૨૦ ; ૧૧, ૧૨, ૧૩.

( ૩ ) "જીવનનાપુસ્તક" નામે ઓળખાતું ઈશ્વર પાસે બીજું પણ એક પુસ્તક છે, અને જેઓએ ખ્રિસ્તનો પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કરેલો છે તેઓના નામ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવે છે. જ્યારે ન્યાય પૂરો થયો ત્યારે જેઓના નામ જીવનનાપુસ્તકમાં લખેલાં માલૂમ ન પડયાં તેમને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યા. આ તો બીજું મરણ છે. પ્રકટી. ૨૦ ; ૧૨, ૧૫.

**૫. પાઠ પરથી મળતો આત્મિક બોધ :**

ઈશ્વરનું વચન આપણને એવું શિક્ષણ આપે છે કે પાપનો ન્યાય ભયંકર રીતે થનાર છે. જેઓએ ઈસુ ખ્રિસ્તનો નકાર કરી તેને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારવા ના પાડી છે તેઓ નરકની ભયંકર સજામાંથી કોઈ કાળે મુક્ત થવાના જ નથી.

**૬. મોઢે કરવાનું વાકય :**

"કેમકે દરેકે શરીરમાં રહીને જે જે ભલું કે ભૂંડું કર્યું હશે તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વેને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે." ૨. કોરીં. ૫ ; ૧૦

**૭. વ્યકિતગત લાગુકરણ :**

તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારેલો છે ; અને તમને ખાત્રી છે કે તમારૂં નામ **જીવનના પુસ્તક**માં લખેલું છે? જો તેમ હોય તો આવનાર ન્યાયના કોપથી ડરવાનું તમારે કંઈપણ કારણ નથી. પરંતુ જો તમે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો ન હોય તો આજે જ, આ ઘડીએ તેમ નહિ કરો ?

**૮. ગીત :**

વીતી બધા વિશ્વ વેળ ગયો, ( ભ. સં. ૫૧૦ ).

**સૂચના :** ( શિક્ષકની દોરવણી માટે ).

પાપ સંબંધી ઈશ્વરનો ન્યાય અનિવાર્ય છે. તેમાંથી છૂટી શકાય જ નહિ. પરંતુ એક રસ્તો છે જે વડે દરેક પાપી બચી જાય ; કારણ કે ખ્રિસ્ત પાપીની જગ્યાએ વધસ્તંભ પર માર્યો ગયો ત્યારે દરેક પાપીના પાપ તેણે વેઠયાં અને તેનો ન્યાય પણ તેણે સહન કર્યો.

---

## ૪. અગ્નિની ભઠ્ઠીમાં ત્રણ જુવાન

૧. **પૂર્વતૈયારીનો પાઠ** : દાન. ૩ ; ૧–૩૦.

૨. **પસંદ કરેલો જાહેર વાચનપાઠ** : દાન ૩ ; ૧૪, ૧૬–૧૮, ૨૧, ૨૪, ૨૫.

૩. **પૂર્વજ્ઞાન પરીક્ષા** :

(૧) ઈશ્વરને માટે તેમ જ તમારી સમજ પ્રમાણે જે સત્ય છે તેને માટે તમારા મિત્રો અને સગાંના અભિપ્રાયનો તમે કદી સામનો કર્યો છે?

(૨) એવી સાક્ષી આપવા બદલ તમને વેઠવું પડ્યું છે?

ત્રણ જુવાન માણસો જેઓ ઈશ્વરના પક્ષમાં ઊભા રહીને તેને માટે પોતાની જિંદગીના જોખમે સાક્ષી આપી, અને તેમ કરવામાં સમાયેલી હાનિ જાણવા છતાં તેમ કર્યું તે વિષે હું તમને આજ એક વાત કહેવાનો ઇરાદો રાખુ છું; સાંભળો :

૪. **શિક્ષણના મુખ્ય મુદ્દા** :

(૧) વિધર્મી રાજાએ ઊભી કરાવેલી મહાન મૂર્તિનું પૂજન કરવાનો રાજહુકમ; દાન. ૨૪ ; ૪–૬.

(૨) દાનીયેલના ત્રણ મિત્રો હુકમભંગની શિક્ષા જાણવા છતાં નિર્ભયપણે હુકમ માનવાની ના પાડે છે. ... દાન. ૨૪; ૧૬–૧૮.

(૩) જીવતા જ બાળી મૂકવા તેમને અગ્નિની ભઠ્ઠીમાં ફેંકવામાં આવે છે; દાન. ૨૪; ૧૯-૨૧.

(૪) અગ્નિમાં તેમની સાથે ખ્રિસ્ત હોય છે અને તેમનું રક્ષણ કરે છે; દાન. ૨૪; ૨૫.

૫. **પાઠ પરથી મળતો આત્મિક બોધ** :

**જેમ** પોતાથી જિંદગીના જોખમે પણ આ ત્રણ જુવાનને ઈશ્વર સંબંધી સાક્ષી આપવાની હિંમત હતી **તેમ** જો આપણે તેની વિનંતી કરીએ તો ગમે તે જોખમ ખેડીને પણ તેના પક્ષમાં નિડરપણે ઊભા રહેવાની હિંમત તે આપણને આપશે.

૬. **મોઢે કરવાનું વાકય** :

"તારે જે જે સહન કરવું પડશે, તેનાથી બીતોના......તું મરણ પર્યંત વિશ્વાસુ થઈ રહે, અને હું તને જીવનનો મુગટ આપીશ." પ્રકટી. ૨ ; ૧૦.

૭. **વ્યક્તિગત લાગુકરણ** :

ગમે તે જોખમે ખ્રિસ્તના પક્ષમાં ઊભા રહેવાની અને તેને માટે સાક્ષી પૂરવાની હિંમત અને શક્તિ તમને અપાય તે માટે આજે જ ઈશ્વર પાસે યાચના કરશો?

૮. ગીત :

જુવાનીના કાળમાં, ઇશ્વર, રે' મુજ પાસ ; ( ભ. સં. ૫૬૮ ).

---

## ૫. દશાંશ આપવા સંબંધી ઉદાહરણ

**૧. પૂર્વતૈયારીના પાઠ :** પ્રકટી. ૧૬ ; ૯–૧૫ : ૨ કોરીં. ૮ ; ૧-૨૪ : ૯ ; ૧–૧૫.

**૨. પસંદ કરેલો જાહેર વાચનપાઠ :** ૨ કોરીં. ૮ ; ૧–૫.

**૩. પૂર્વજ્ઞાન પરીક્ષા :**

( ૧ ) ઈશ્વર જે આપણને સર્વકાંઈ આપે છે તેને તમે કદી કાંઈ આપો છો ?

( ૨ ) કયા પ્રકારના વાનાં ઈશ્વરને આપી શકાય ?

( ૩ ) ઈશ્વરને આપવા સંબંધી કોઈ પ્રથા પાળો છો કે ગમે તેમ આપો છો ?

સાંભળો, કેટલાંક ઘણાં જ ગરીબ માણસોએ દેવ પ્રત્યે અજાયબ ઉદારતા બતાવી અને ઇશ્વરને તેનો હિસ્સો આપ્યો એ વિષે હું તમને એક વાત કહું છું :

**૪. શિક્ષણના મુખ્ય મુદ્દા :**

( ૧ ) પાઊલ તેના મિત્રો સાથે ધાર્મિક પ્રચાર અર્થે મુસાફરી કરતાં માકેદોનિયામાં આવ્યો. ... પ્રે. કૃ. ૧૬ ; ૯–૧૨.

( ૨ ) સાબ્બાથ દિવસે શહેર બહાર એક નદી કાંઠે પ્રાર્થનાના સ્થળે ગયા અને ત્યાં જે સ્ત્રીઓ ભેગી થઈ હતી તેમને તેઓએ સુવાર્તા પ્રગટ કરી ... પ્રે. કૃ. ૧૬ ; ૧૩.

( ૩ ) એક સ્ત્રીએ ખ્રિસ્ત માટે પોતાનું અંતઃકરણ ખોલ્યું અને તેનું બદલાણ થયું. તેણે તથા તેના આખા કુટુંબે બાપ્તિસ્મા લીધું પાછળથી બીજાઓનું પણ બદલાણ થયું, અને તેઓ પણ બાપ્તિસ્મા પામ્યા અને એમ ઈશ્વરની એક મંડળી ઊભી થઈ. .. પ્રે કૃ. ૧૬ ; ૧૪, ૧૫, ૩૦–૩૪, ૪૦.

( ૪ ) આ નવી સ્થપાયેલી મંડળીના સભાસદો કેવી જાતનાં ખ્રિસ્તી હતાં ? ૨ કોરીં. ૮; ૧–૫.

( अ ) પ્રથમ તો તેઓએ જાતે પોતાનું પૂરૂં સ્વાર્પણ ઈશ્વરને કર્યું.

( ब ) જો કે તેઓને ઘણી જ મુશ્કેલી હતી, અને તેઓ ઘણાં જ નિર્ધન હતાં છતાં તેમની પાસે જે કંઈ હતું તેમાંથી મહાનંદસહિત અને ઉદારતાથી તેમણે ઈશ્વરને તેનો હિસ્સો આપ્યો.

( क ) તેમની આ ઉદારતાને લીધે તેઓ બધે જાણીતા થયાં. એટલું જ નહિ પણ બીજાઓને પ્રેરણાત્મક નીવડ્યાં.

**૫. પાઠ પરથી મળતો આત્મિક બોધ :**

**જેમ** આ ખ્રિસ્તીઓએ પ્રથમ પોતાનું પૂરૂં સ્વાર્પણ ઈશ્વરને કર્યું અને પછી, પોતે બિલકુલ ગરીબ હોવા છતાં પોતા પાસે જે કંઈ હતું તેમાંથી ઘણી જ રાજીખુશીથી ઉદાર હાથે ઈશ્વરને તેનો હિસ્સો આપ્યો **તે જ પ્રમાણે** આપણે પણ પ્રથમ આપણું આખું સ્વાર્પણ તેને કરવું જોઈએ અને પછી કમીમાં કમી આપણી આવકનો દશમો ભાગ તેને આપવો જ જોઈએ.

**૬. મોઢે કરવાનું વાક્ય :**

"ને જે તું મને આપશે તે સર્વનો દશાંશ હું તને ખચીત આપીશ." ઉત્પ. ૨૮ ; ૨૨.

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમે ઈશ્વરને પોતાનું પૂરૂં સ્વાર્પણ કરેલું છે?

ઈશ્વરને તમારી પેદાશનો દશમો ભાગ આપવા તમે રાજી છો?

**૮. ગીત :**

અરપુ તુજને મુજ તન, મન, ધન, ( ભ. સં. ૩૯૫ ).

---

## ૬. ઈશ્વરનું કુટુંબ

( એફે. ૩ ; ૧૪, ૧૫ : ૨ ; ૧૯ )

**ઉપોદ્‌ઘાત :**

ખ્રિસ્તી હોવાને લીધે આપણે ઘણા જ આશીર્વાદોને પાત્ર થઈએ છીએ–ખ્રિસ્ત આપણો અંગત તારનાર અને મિત્ર ; ક્ષમા થયેલા પાપોની ખાત્રીથી મળતી શાંતિ ; પ્રાથનાનો ખુલ્લો માર્ગ, ઇત્યાદિ. બીજો એક મહાન આશીર્વાદ તે એકે ઐશ્વરી કુટુંબનું સભ્યપણું ( ઈશ્વરની સાર્વત્રિક મંડળીના સભ્ય ).

**૧. આ ઐશ્વરી કુટુંબ એટલે શું? તેમાં કેવા પ્રકારની સગાઈનો સમાવેશ થાય છે?**

( ૧ ) ઈશ્વર આપણો પિતા છે. માત્થી. ૨૩ ; ૯. ખ્રિસ્ત આપણો વડીલભાઈ ; રોમ. ૮ ; ૨૯, હેબ્રી. ૨ ; ૧૧, ૧૨, અને આપણે બધા ભાઈઓ ; માત્થી. ૨૩ ; ૮.

( ૨ ) આ ઐશ્વરી કુટુંબનું ખાસ લક્ષણ કયું? પ્રેમ, એકતા અને પરસ્પર મદદ. ઈશ્વરના કુટુંબમાં શું આપણે તેવાં છીએ? ૧ પી. ૧ ; ૨૨ : હેબ્રી. ૧૩ ૧.

**૨. કૌટુંબિક સામ્યતા** : રોમ. ૮ ; ૨૯ : ૧. કોરીં ૩ ; ૧૮.

મનુષ્ય કુટુંબમાં આ બાબત આપણે જોઈએ છીએ. કુટુંબના સભ્યોને તેમના માતપિતાને કે એકબીજા સાથે મળતા આવતા ચહેરા વડે ઘણીવાર આપણે ઓળખી કાઢીએ છીએ. શું આપણે આપણા સ્વર્ગીય પિતાના જેવાં છીએ? આપણા વડીલ બંધુ જેવાં? પવિત્ર આત્મા આપણને તેવાં કરી શકે છે અને ખ્રિસ્ત-સમાન બનાવવા ઇચ્છે છે. આપણે તેને તેમ કરવા વિનંતી કરીશું?

**૩. કૌટુંબિક પ્રાર્થના** : માત્થી. ૬ ; ૯-૧૩.

આપણે બધા આ પ્રાર્થના શીખ્યા છીએ. આપણે તેને પ્રભુની પ્રાર્થના કહીએ છીએ અને તે ખરે જ પ્રભુની પ્રાર્થના છે કારણ કે ખ્રિસ્તે તે તેના શિષ્યોને શીખવી. કુટુંબના સભ્યોના ઉપયોગ માટે તે ખાસ પ્રાર્થના છે. ઈશ્વરને સંબોધતાં આપણે આ પ્રમાણે તેની શરૂઆત કરીએ છીએ "અમારા બાપ." જેઓનો પુનર્જન્મ થયેલો છે અને જેઓનો જન્મ ઈશ્વરના કુટુંબમાં થયેલો છે તેઓ જ ખરી રીતે ઈશ્વરને પોતાના પિતા તરીકે સંબોધી શકે.

**૪. કૌટુંબિક ભોજન** : ૧ કોરીં. ૧૧ ; ૨૩-૨૯.

જેઓ કુટુંબમાં આત્મિક રીતે વૃદ્ધિ પામે છે અને "બાળકો" નથી રહ્યાં તેઓને કૌટુંબિક ભોજન માટે નોતરૂં આપવામાં આવે છે; "યાદગીરી"નું જમણ. આ જમણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણે માટે મરી ગયો અને તે ફરીથી પાછો આવનાર છે તેના સ્મરણાર્થે લેવામાં આવે છે. વળી તે એકતા દર્શાવનારૂ ભોજન પણ છે – ખ્રિસ્ત અને કુટુંબના બીજા સભ્યો સાથે એકતા; એક કૌટુંબિક ભોજન ૧ કોરીં. ૧૧; ૨૩-૨૬, ૧ કોરીં. ૧૨ ; ૧૨, ૨૭.

**૫. કૌટુંબિક ધંધો** : ૨ કોરીં. ૬ ; ૧.

આપણને ઘણી વખતે એવું માલૂમ પડે છે કે આખું કુટુંબ એક જ ધંધે લાગેલું હોય છે. જો બાપ ખેડૂત હોય તો કુટુંબજનો ખેતીના કામમાં ભાગ લેશે. કુટુંબના વડા ભાઈએ જ્યારે હજુ તે માત્ર એક છોકરો હતો ત્યારે આ પ્રમાણેના ઉદ્ગારો કાઢ્યા, "મારા બાપને ત્યાં મારે હોવું જોઈએ," લુક ૨ ; ૪૯; અને આપણે જેઓ કુટુંબના સભ્યો છીએ તેમના તરફથી તે એ જ અપેક્ષા રાખે છે તેનું કર્તવ્ય શું છે?

ઈસુ, પિતાનો વહાલો પુત્ર આ પૃથ્વી પર આવ્યો "ઘણા લોકની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવા," માત્થી ૨૦ ; ૨૮ : અને "ખોવાયેલું શોધવા તથા તારવા," લુક ૧૯ ; ૧૦.

દુનિયાના છેડા સુધી તેણે સાધેલા તારણનો શુભ સંદેશો ફેલાવીને, અને સૌથી પ્રથમ આ સંદેશા વડે આપણા મિત્રો અને સગાંને ખ્રિસ્ત તરફ દોરીને, તેની પ્રવૃત્તિમાં આપણે દરેકે તેને સાથ આપવો જોઈએ, એવી અપેક્ષા કુટુંબના સભ્યો તરીકે આપણા તરફથી રાખવામાં આવે છે. તેણે આપણને કહ્યું છે કે આપણે "દેવની સાથે કામ કરનારા," થવાનું છે. ૨ કોરીં. ૬ ; ૧. શું આપણે આપણું કર્તવ્ય સમજીએ છીએ ? તેને માટે આપણે કાંઈ કરીએ છીએ ?

**૬. કૌટુંબિક નોંધપોથી :**

**જીવનનું પુસ્તક. ફિલિ. ૪ ; ૩ : હેબ્રી. ૧૨ ; ૨૩.**

**કુટુંબના પ્રત્યેક સભ્યનું નામ નોંધવામાં આવે છે. ઈશ્વરના કુટુંબના એક સભ્ય તરીકે તમારૂં નામ જીવનના પુસ્તકમાં નોંધેલું છે ?**

**૭. કૌટુંબિક ઘર :** યોહા. ૧૪ ; ૨, ૩.

બાપના ઘરમાં રહેવાના ઠેકાણા કુટુંબના પ્રત્યેક સભ્ય માટે વડીલ ભાઈ તૈયાર કરી રહ્યો છે. આ ઘરને શાની ઉપમા આપી શકાય ? શાસ્ત્ર આપણને તેની શુદ્ધતા, સુંદરતા અને આનંદ વિષે કાંઈક ઇસારો કરે છે. જેઓ પ્રભુમાં મરી જાય છે તેઓ માટે આ જ્ઞાને તો મરણના ભયંકર ભયનું મોટેભાગે હરણ કરવું જોઈએ અને જેઓ તેમની પાછળ રહે છે તેમના શોકનો બોજ ઘણો જ હલકો થવો જોઈએ, ૧ થેસ્સા. ૪ ; ૧૩, ૧૮.

એક દિવસે કુટુંબના બધા સભ્યો પિતાના ઘરમાં ભેગા થશે અને ફરી કદી બહાર જશે જ નહિ.

**૮. ગીત :**

સહુનું સુખ તમ સહુ જન તાકો, ( ભ. સં. ૪૦૨ ).

(૧) **આ કુટુંબમાં આપણે કેવી રીતે દાખલ થઈ શકીએ ?**

**( અ ) "તેનો સ્વીકાર" કરીને. ... યોહા. ૧ ; ૧૨ : ૧ પી. ૧ ; ૨૩.**

**( બ ) બાપ્તિસ્મા દ્વારા તેને કબૂલ કરવાથી. ... માત્થી ૨૮ ; ૧૯ : પ્રે. કૃ. ૨ ; ૩૮.**

**જો તમે આ બે બાબત કરો તો ઈશ્વરના મહાન કુટુંબના ખરા સભ્યો થશો.**

(૨) **કુટુંબના સભાસદપણામાં કઈ કઈ બાબતનો સમાવેશ થાય છે ?** " તમે તેઓમાંથી નીકળી આવો, અને અલગ થાઓ ... મલિન વસ્તુને અડકો મા; ... અને તમે મારાં દીકરાદીકરીઓ થશો, એમ સર્વશક્તિમાન પ્રભુ કહે છે." ૨ કોરીં ૬ ; ૧૭, ૧૮. આનો અર્થ એજ થાય કે પાપ અને સર્વપ્રકારની મૂર્તિપૂજાથી અલગ થવું.

(૩) **સભાસદપણાના હક :**

આપણે "દેવનાં છોકરાં" અને "વારસ," આત્મિક સંપતિ આપણી છે. રોમ. ૮ ; ૧૬, ૧૭. ખ્રિસ્તને લીધે જો આપણે દુનિયાઈ સંપતિ કે મિત્રો ગુમાવીએ તો આપણને સ્વર્ગીય ખજાનો પ્રાપ્ત થાય છે, આ દુનિયામાં તેમ જ આવનાર દુનિયામાં. એટલું જ નહિ પણ આખી દુનિયામાં તેમ જ આકાશમાં તેનું જે મહાન કુટુંબ છે **તેની** સાથે સગપણનો આપણો સંબંધ થાય છે. એફે. ૩ ; ૧૪, ૧૫.

તમે આ કુટુંબ પૈકીના છો ? જો એમ હોય તો તમને તમારા કર્તવ્ય અને હકોનું ભાન છે ?

પવિત્ર આત્મા તમને તમારા કર્તવ્યોનું ભાન કરાવે અને કુટુંબની સામ્યતા તમે ધારણ કરો તે માટે, તેમ જ કુટુંબના ધંધામાં સામેલ થાઓ માટે પ્રાર્થના કરશો ?

**સૂચના :** ( શિક્ષકની દોરવણી માટે ).

શાસ્ત્રપાઠ માટે આ રૂપરેખા ઘણી જ મોટી કહેવાય તેથી અમો સૂચના કરીએ છીએ કે પ્રથમ ચાર વસ્તુ પહેલે લેવામાં આવે અને બાકીની ચાર બીજા પાઠ તરીકે શીખવવામાં આવે.

---

## ૭. તારણનો માર્ગ

( "શબ્દરહિત પુસ્તક"માં દર્શાવ્યા મુજબ )[1]

**નોંધ :** ઈશ્વરના મહાન તારણદાન વિષે સમજૂતી આપવા માટે તેમ જ ગામડાના બંને પ્રકારના ખ્રિસ્તીઓ, ખરા અને કહેવાતા ખ્રિસ્તીઓ તેમ જ અખ્રિસ્તીઓ તે કેવી રીતે સંપાદન કરી શકે તે દર્શાવવા માટે "શબ્દરહિત પુસ્તક" એક સુવાર્તિક ટોળી તરીકે અમને ઘણું કિંમતી માલૂમ પડયું છે. દરેક કામદારની પાસે એક એક પ્રત હોય છે અને તેનો ઉપયોગ સતત કરવામાં આવે છે.

આ પુસ્તક અભણ લોકો માટે ઘણું જ ઉપયોગી નીવડયું છે કારણ કે તેમાં રંગીન પાનાં–કાળાં, લાલ, સફેદ અને સોનેરી હોય છે અને છાપેલા અક્ષરો આપેલા નથી.

જે કામદારો આ પુસ્તકથી પરિચિત નથી અને જેમને તેનો ઉપયોગ કરતાં આવડતું નથી તેમને તેમના કામમાં મદદ થાય તે હેતુથી અમે નીચેની સંક્ષિપ્ત રૂપરેખા સમજૂતી તરીકે આપીએ છીએ:



પવિત્ર શાસ્ત્રમાં શું લખેલું છે તે તપાસો :—

કાળો રંગ: પાપી હૃદય:

રૂમીઓને પત્ર ૩ : ૧૦, ૨૩ ; ૧ યોહાન ૧ : ૮; યિર્મેયાહ ૧૭ : ૯; યશાયાહ ૫૯ : ૨, ૩.

ઓ દેવ, હું પાપી છું, મારા પર દયા કર. લુક ૧૮ : ૧૩.

★

લાલ રંગ: શુદ્ધ કરનાર લોહી:

હેબ્રીઓને પત્ર ૯ : ૨૨; ૧ યોહાન ૧ : ૭; ૧ પીતર ૧ : ૧૮; ૧૯; ૨ : ૨૪; પ્રકટીકરણ ૫ : ૯.

ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો. રૂમીઓને પત્ર ૫ : ૮.

★

ધોળો રંગ: શુદ્ધ થયેલું હૃદય:

ગીતશાસ્ત્ર ૫૧ : ૭; ૧ યોહાન ૧ : ૯; હેબ્રીઓને પત્ર ૯ : ૧૪; ૧ પીતર ૧ : ૧૫, ૧૬.

હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર. ગીતશાસ્ત્ર ૫૧ : ૧૦.

★

સોનેરી રંગ: ઈશ્વર સાથેનું જીવન:

યોહાન ૧૭ : ૨૪; ૨ કોરીંથી. ૩ : ૧૮; પ્રકટીકરણ ૨૨ : ૩, ૪; રૂમીઓને પત્ર ૮ : ૧૮.

અમે સદા પ્રભુની સાથે રહીશું. ૧ થેસ્સા. ૪ : ૧૭.

( ૧ ) કાળાં પાન : પાપનું પ્રતીક; અંધકાર. આપણા અંતઃકરણોની તસવીર, કારણ કે આપણે પાપ કર્યું છે. "એમાં કંઈ પણ ભેદ નથી; કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે." રોમ. ૩ ; ૨૨, ૨૩.

( સંઘને અથવા પ્રત્યેક વ્યકિતને ખાસ પાપોના નામ આપવાનું કહેવું એ માટે કે તેઓ પાપ એટલે શું તે સમજ્યા છે કે નહિ તેની આપણને ખાતરી થાય એટલું જ નહિ પણ એ બાબતે વ્યકિતગત સ્વરૂપ પકડયું છે કે નહિ તે માલૂમ પડે. જૂઠ, ચોરી, ગાળ, વગેરે, પાપો તરીકે બધા કબૂલ કરશે અને તેવાં પાપો અનેક વાર તેમણે કર્યાં છે એવું જાહેર કરશે. )

પાપ આપણને ઈશ્વરથી અલગ કરે છે.

( ૨ ) શ્વેત પાનાં. પરમેશ્વરના સ્વરૂપનું પ્રતીક; ઈશ્વરની પવિત્રતાઈ–"દેવ પ્રકાશ છે, અને તેનામાં કંઈ પણ અંધકાર નથી."

૧. યોહા. ૧ ; ૫. પરંતુ આવા પવિત્ર ઈશ્વરની સમીપ આપણે પાપીઓ કેવી રીતે જઈ શકીએ? કારણ કે "અજવાળાને અંધકારની જોડે શી સંગત હોય?"

૨. કોરીં. ૬ ; ૧૪. આપણે આપણા અંતઃકરણ શુદ્ધ કરી શકીએ છીએ? નીતિ. ૨૦ ; ૯.

આપણે શું કરી શકીએ?

( ૩ ) લાલ પાનાંઃ–ઈશ્વરે જાતેજ માર્ગ કર્યો છે એવો માર્ગ કે જે વડે આપણાં કાળાં અંતઃકરણો શ્વેત અને શુદ્ધ બનાવી શકાય; "તેના પુત્ર ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે." ૧ યોહા. ૧ ; ૭. (પ્રકટી. ૭ ; ૧૪ પણ જુઓ); એવો માર્ગ છે કે જે વડે ઈશ્વર સાથે સંગત તેમ જ સગપણનો સંબંધ પણ જોડી શકીએ. શું આ માર્ગ તમારે લેવો છે? જો તેમ હોય તો ચાલો, આપણા પાપી, કાળાં અંતઃકરણ કાલવરી પર વહેવાડેલા તેના પોતાના રક્તમાં ધોઈને તે શ્વેત તથા શુદ્ધ કરે, તે માટે અને આપણને પોતીકા કરી લે માટે આપણે તેને વિનંતી કરીએ.

સોનેરી પાનાં : આવનાર મહિમાનું પ્રતીક–સ્વર્ગ–પરંતુ ખ્રિસ્તનો તારનાર તરીકે સ્વીકાર કરે તેટલા માટે અમુક આત્માને આપણે, ખ્રિસ્તની ગમ દોરીએ છીએ ત્યારે તેનો ઉપયોગ ત્યાં અને તે જ સ્થળે કરવાનો નથી; પણ નીચે દર્શાવેલી પ્રાર્થનાનો વિના વિલંબે ઉપયોગ કરવો અને તેવા આત્માને તે પ્રાર્થના કેટલીક વાર સુધી બોલાવ્યા કરવી :

"ઓ પ્રભુ ઈસુ, મારૂં કાળું અંતઃકરણ લે, અને તેં વહેવડાવેલા લોહી વડે તેને શુદ્ધ કરી મને સંપૂર્ણ તારો કર."

( આ સાદી અને નાનકડી "તારણની" પ્રાર્થના સાચા હૃદયથી અદૃશ્ય ઈશ્વર કે જે પ્રાર્થનાનો જવાબ આપે છે તેને કરવામાં આવે છે ત્યારે ઘણાં પુરુષ, સ્ત્રી અને બાળકોને દુનિયાના તારનાર જોડે મિલાપ કરાવી આપનાર એક સાધનરૂપ તે નીવડે છે. તેઓ પોતાના અંતઃકરણમાં તેનો સ્વીકાર કરીને "ઈસુ ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ" સમાન થયાં છે ; ૨ કોરીં. ૫ ; ૧૭. અમે અત્રે તેની સર્વ સરળતા અને સાદાઈ સાથે એવી પ્રાર્થનાસહિત છાપીએ છીએ કે બીજાઓ પણ આ પ્રાર્થના તેમની પોતીકી કરી લે અને તે વડે અંધકારમાંથી અજવાળામાં લાવવામાં આવે ).

**૧ આ નાનકડી કૃતિ "શબ્દરહિત પુસ્તક" મળવાનું ઠેકાણું :** ઇવેન્જેલીકલ લીટરેચર ડેપો, ૧૧/૧ મિશન રો, કલકત્તા ૧. "તારણનો માર્ગ" એ નામનું ચોપાનિયું પણ, એક ડઝનના પાંચ આના લેખે, તે જ સરનામે મળશે.

## ગ્રામ્ય ઉમેદવારોને માટે યોજેલો અભ્યાસક્રમ

**નોંધ** : લખનૌના પાદરીની હકૂમતના સરહદી મુલકમાં ઉપાડેલી સંઘચળવળ વખતે શોધકોને શીખવવા જે અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો હતો તેને આધારે આ અભ્યાસક્રમ તૈયાર કરેલો છે. ધર્મપ્રચારના કામમાં રોકાયેલા અમારા જેવા બીજાં માણસોને તે ઉપયોગી અને સૂચક થઈ પડશે એવી આશાથી તે લ્હાં આપવામાં આવ્યો છે.

**૧. ધર્માક્ષયની હકૂમતના સરહદી ક્ષેત્રમાં ઉપાડેલી સંઘચળવળ નિમિત્તે યોજાયેલી પરિષદ ૧૯૩૩ના જુલાઈ માસમાં મીરતમાં ભરવામાં આવી હતી તે વખતે અમુક જે નિર્ણયો ઉપર સંમતિ મેળવાય હતી તેમાંના થોડા અત્રે આપવામાં આવ્યા છે :**

**( ૧ ) ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવા માટે કોઈ ચોક્કસ મુદત ઠરાવવામાં આવશે નહિ પણ તે બાબત ક્ષેત્રના ધર્માધ્યક્ષની મુનસફી પર છોડવામાં આવે છે !**

**( ૨ ) ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવાની મુદત એક વર્ષથી કમી ન હોવી જોઈએ તેવી ધારણા હતી ; પરંતુ સ્ત્રી અને પુરુષ બંનેનું સાથે બાપ્તિસ્મા થાય તેની સવડ માટે આ મુદત સંજોગો અનુસાર વધારવામાં કંઈ હરકત નથી.**

**( ૩ ) ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવાની મુદત દરમિયાન શિક્ષણ લેનારાઓએ બધા જ વિધર્મી રીતરિવાજો, જે ખ્રિસ્તી ધર્મથી વિરૂદ્ધ છે તેમને તિલાંજલિ આપવી જોઈએ. આ મુદત દરમિયાન ઉમેદવારોને બીજા ખ્રિસ્તીઓ સાથે સભાસંગતનો હક રહેશે.**

**( ૪ ) જ્યાંસુધી તેમને યાજકની સંભાળ કે દેખરેખ નીચે મૂકી શકાય તેમ ન હોય ત્યાંસુધી શિક્ષણ લેનારા ઉમેદવારોને કોઈ પણ સંજોગોમાં પણ બાપ્તિસ્મા માટે તૈયાર કરવા નહિ.**

**( ૫ ) બાપ્તિસ્મા માટે ઉમેદવારોની તૈયારી એટલી પરિપકવ હોવી જોઈએ કે ખ્રિસ્તી થયા બાદ એક જ વર્ષમાં તેઓને મંડળીના પૂર્ણ સભાસદ બનાવી શકાય.**

૨. ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવા માટે કરવામાં આવતી ધર્મ ક્રિયામાં ઉલ્લેખ કર્યા મુજબ દેખરેખ રાખનાર મિશનરીને પૂર્ણ સંતોષ થાય કે ઉમેદવારો ખ્રિસ્તી થવા સંબંધીનો આત્મિક અર્થ સમજે છે ત્યારે જ તેમને અભ્યાસી ઉમેદવારો તરીકે દાખલ કરવામાં આવશે.

## ખ્રિસ્તી ધર્મના શિક્ષણ અર્થે દાખલ કરવામાં આવતા ઉમેદવારોની પૂર્વતૈયારી

૧. દાખલ થવા માટે કરવામાં આવતી ધર્મ ક્રિયામાં આપેલા પ્રશ્નોના ઉત્તર ઉમેદવારોએ શીખવા જોઈએ.

૨. ખ્રિસ્તી ધર્મના શિક્ષણથી વિરૂદ્ધ જે પ્રતીકો અને ચિહ્નો છે તે શા માટે તજી દેવા તે બાબત તેમને શિક્ષણ આપવું જોઈએ અને એ પણ જોવું જોઈએ કે તેમનો ખરેખર જ ત્યાગ કરવામાં આવે છે.

૩. તેઓને પોતાનાં ઘર, કપડાં અને શરીરો સ્વચ્છ રાખતાં શીખવવું જોઈએ.

૪. જે સ્થળે દાખલ ક્રિયા કરવાની હોય તે સ્થળ સ્વચ્છ અને વ્યવસ્થિત રીતે તૈયાર કરવું જોઈએ.

### ૧. પ્રાવેશિક શિક્ષણની શરૂઆત નીચેની આઠ વાર્તાઓથી કરવી

**(તારણનો માર્ગ સમજાવવા માટે શબ્દરહિતપોથી ઉદાહરણ તરીકે ઘણી ઉપયોગી માલૂમ પડશે.)**

**(૧) આદમ અને હવા.**

**(૨) ખ્રિસ્તનો જન્મ.**

**(૩) ઉડાઉ દીકરાનું અથવા ખોવાયેલા ઘેટાનું દૃષ્ટાંત.**

**(૪) જાખીદાણીની વાત.**

**(૫) નાઈન ગામની વિધવા અથવા લાજરસ, એ બે પૈકી ગમે તે એક વાર્તા.**

**(૬) વધસ્તંભે જડાવાની વાત.**

**(૭) આપણા પ્રભુનું પુનરૂત્થાન, સ્વર્ગારોહણ અને બીજી વખત આવવા સંબંધીનું શિક્ષણ.**

**(૮) પચાસમાનો દિવસ.**

**નોંધ** : આ વાત હંમેશા લક્ષમાં રાખવી જોઈએ કે ઉપરના પાઠો શીખવવાનો હેતુ એ છે કે શોધકને સાચા બદલાણ તરફ દોરવામાં આવે.

તારણનો અર્થ વધુ સ્પષ્ટ થાય માટે ૧-૧૭ નીચે આપેલા સવાલ જવાબ શીખવવા જોઈએ :

**૨. સંઘચળવળના કાર્ય માટે ટૂંક પ્રશ્નોત્તરી :**

૧. **સ.**—તમે કોણ છો ?

**જ.**—હું ખ્રિસ્તી છું.

૨. **સ.**—ખ્રિસ્તી એટલે શું ?

**જ.**—ઈસુ ખ્રિસ્તની આજ્ઞાઓ પાળનારો.

૩. **સ.**—ઈસુ ખ્રિસ્ત કોણ છે ?

**જ.**—ઈસુ ખ્રિસ્ત તે ઈશ્વરનો દીકરો તથા આપણો તારનાર છે.

૪. **સ.**—આપણને તારવા ખ્રિસ્તે શું કર્યું ?

**જ.**—તેણે આપણે માટે પોતાનો જીવ આપ્યો.

૫. **સ.**—તેણે પોતાનો જીવ કેવી રીતે આપ્યો ?

**જ.**—તે વધસ્તંભ[1] પર મરી ગયો.

૬. **સ.**—તારણ એટલે શું ?

**જ.**—પાપ અને તેની શિક્ષાથી છૂટકો પામી ઈશ્વરના દીકરા થવું તેનું નામ તારણ

૭. **સ.**—તારણનાં ફળ કયાં છે ?

**જ.**—આલોકમાં તથા પરલોકમાં પણ ઈશ્વરની સંગત તથા મિલાપ પામવાં એ તારણનાં ફળ છે.

૮. **સ.**—પાપ એટલે શું ?

**જ.**—ઈશ્વરની આજ્ઞા તોડવી તે પાપ છે.

૯. **સ.**—પાપ કર્યાથી શું પરિણામ આવે છે ?

**જ.**—પાપ કર્યાથી આ લોકમાં ને પછી પરલોકમાં પણ આપણે ઈશ્વરથી વેગળા થઈએ છીએ.

૧૦. **સ.**—ઈશ્વરની આજ્ઞાઓ કઈ છે ?

**જ.**—ઈશ્વરની આજ્ઞાઓ નીચે પ્રમાણે છે :—

૧. મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય.

૨. તું કોઈ કોરેલી મૂર્તિની પૂજા ન કર.

૩. પ્રભુ તારા દેવનું નામ તું વ્યર્થ ન લે.

૪. પ્રભુનો દિવસ તું પવિત્ર પાળ.

---

૧. વધસ્તંભ કેવો હતો તે શિક્ષકે બતાવવું તથા સમજાવવું.

૫. તારા બાપનું તથા તારી માનું તું સન્માન કર.
૬. તું ખૂન ન કર.
૭. તું વ્યભિચાર ન કર.
૮. તું ચોરી ન કર.
૯. તારા પડોસીની વિરૂદ્ધ જૂઠી સાક્ષી ન પૂર.
૧૦. તારા પડોસીની કોઈપણ ચીજ પર લોભ ન રાખ.

૧૧. **સ.**—તારણ કેવી રીતે મળે ?

**જ.**—પાપને પસ્તાવો કરવાથી અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાથી તારણ મળે છે.

૧૨. **સ.**—ખરો પસ્તાવો એટલે શું ?

**જ.**—બધાં પાપ કબૂલ કરી તે મૂકી દેવાં તે ખરો પસ્તાવો છે.

૧૩. **સ.**—ખરા પસ્તાવાનાં પરિણામ કયાં છે ?

**જ.**—સર્વ પાપની માફી પામવી અને ઈસુ ખ્રિસ્તમાં નવું જીવન મેળવવું એ ખરા પસ્તાવાનાં પરિણામ છે.

૧૪. **સ.**—આ નવું જીવન ગાળવાને માટે શક્તિ કેવી રીતે મળે ?

**જ.**—ખ્રિસ્તને નામે નિત્ય પ્રાર્થના કરવાથી અને ઈશ્વરનો પવિત્ર આત્મા આપણામાં રહેવાથી શક્તિ મળે છે.

૧૫. **સ.**—પવિત્ર આત્મા માણસને વાસ્તે શું શું કરે છે ?

જ.—(૧) આપણે પાપી છીએ તેની ખાતરી કરી આપે છે.
(૨) પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રગટ કરે છે.
(૩) પવિત્ર જિંદગી ગાળવા માટે તે આપણને બળ આપે છે.

૧૬. **સ.**—આપણે કેવી રીતે પવિત્ર આત્માથી ભરપૂર થઈ શકીએ ?

જ. (૧) આપણાં તન, મન અને ધનનું ઈશ્વરને સંપૂર્ણ સ્વાર્પણ કરવાથી.
(૨) ઈસુ ખ્રિસ્તને નામે તે માગવાથી (પ્રે. કૃ. ૨ ; ૩૮, ૩૯).
(૩) વિશ્વાસથી પવિત્ર આત્માને ગ્રહણ કરવાથી (ગલા. ૩ ; ૧૪).

૧૭. **સ.**—કેવી રીતે આપણે પ્રાર્થના કરવી જોઈએ ?

**જ.**—(૧) પોતાના શબ્દો વાપરીને ખરા હૃદયથી નીચેના નમૂના જેવી વિનંતી કરવી :

હે ઈશ્વર, મારાં પાપ માફ કર ; આખો દિવસ મારી સાથે રહે અને મને પાપથી બચાવ ; મારા કુટુંબને આશીર્વાદ આપ ; મારા ગામને અને બધા ખ્રિસ્તી

લોકને પણ આશીર્વાદ આપ. તારા બધા આશીર્વાદોને માટે, હે પ્રભુ, હું તારો ઉપકાર માનું છું. ઈસુ ખ્રિસ્તને નામે. આમેન.

( ૨ ) ઈસુએ પોતાના શિષ્યોને શીખવેલી પ્રાર્થના :—

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ ; તારૂં રાજ્ય આવો ; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ ; અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તું અમારાં ઋણો અમને માફ કર ; અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભૂંડાથી અમારો છૂટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

## ૩. પ્રાર્થના

શોધકને પ્રથમ પાઠ વખતેજ તે સહેલાઈથી યાદ રાખી શકે તેવી સાદી અને સરળ પ્રાર્થના શીખવવી ; જેમકે,

" ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, પાપથી ખરડાયેલું મારૂં અંતઃકરણ તારા રક્તમાં ધોઈને શુદ્ધ કર. મને તારો કરી લે અને તારો પવિત્ર આત્મા તું મને આપ. આમેન. "

નીચેની પ્રાર્થનાઓ પણ મુખપાઠ કરવાની આવશ્યકતા છે :

( ૧ ) " ઓ પરમેશ્વર, અમારા પિતા, તારા સર્વ આશીર્વાદ માટે હું તારો આભાર માનું છું. મારાં પાપની ક્ષમા કર. આખો દિવસ મારી સાથે રહે અને મને તારા સંરક્ષણ હેઠળ રાખ. મારા કુટુંબજનોને તારો આશીર્વાદ આપ, તેમજ બધા ખ્રિસ્તી લોકોને પણ ; અમારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામે. આમેન. "

( ૨ ) પ્રભુની પ્રાર્થના.

( ૩ ) ખોરાક આરોગવા પહેલાં અને પછી માગવાનો આશીર્વાદ :

" ઓ આકાશવાસી પિતા, આ ખોરાક માટે તેમજ તારી સર્વ દયા માટે અમે તારો આભાર માનીએ છીએ ; પ્રભુ ઈસુ ખ્રિસ્તની મારફતે, આમેન."

## ૪. ભજનો

કેટલાંક વિષય અનુકૂળ ભજનો રાગ સાથે મોઢે કરવાં.

**૫. નીચેના વિષયો વિષે પણ પૂરતું શિક્ષણ આપવું :**

૧. ઈશ્વરનું વચન : આપણા શિક્ષણનો પાયો તે ઈશ્વરનું વચન છે, એટલે કે પવિત્રશાસ્ત્ર. પ્રત્યેક ખ્રિસ્તીની આ ફરજ છે કે તેણે પવિત્રશાસ્ત્ર વાંચવું કે સાંભળવું જોઈએ અને તેમાંથી કલમો મોઢે કરવી જોઈએ (ગીતશાસ્ત્ર ૧૧૯ ; ૧૧).

૨. પ્રાર્થના અને ઉપકારસ્તુતિ :

(૧) (अ) ખાનગી પ્રાર્થના : સવારે અને સાંજે.

(ब) દૈનિક કૌટુંબિક પ્રાર્થના.

(क) સભા વખતે કરવામાં આવતી પ્રાર્થના અને ભક્તિ.

(ड) ખોરાક આરોગ્યા પહેલાં અને પછી કરવાની ઉપકારસ્તુતિ.

૩. ઈશ્વરનું ભજન કેવી રીતે કરવું.

૪. સાબ્બાથવાર તેમ જ ખ્રિસ્તી તહેવારો પાળવા.

૫. ધર્મદાન અને દાનાર્પણ.

૬. ખ્રિસ્ત વિષે સાક્ષી આપવી અને બીજાઓને તેની ગમ વાળવા.

૭. ખ્રિસ્તી સેવા, ગરજવાન અને દુઃખીની મદદ.

૮. સ્ત્રીઓ અને કન્યાઓ પ્રત્યે માનની લાગણી. આ દૃષ્ટિએ જોતાં સ્ત્રીને મારવીઝૂડવી એ ઘણું જ અઘટિત કહેવાય.

૯. ભૂંડી ગાળો આપવી, શ્રાપ આપવો અને કસમ ખાવા એ ઘણું જ અયોગ્ય કહેવાય.

૧૦. ઘર, તેની આજુબાજુની જગ્યા, કપડાં અને શરીરની સ્વચ્છતા.

૧૧. ખ્રિસ્તી સમાજની અંદર જ લગ્ન ગોઠવવાં. આનો અર્થ એ થાય છે કે ખ્રિસ્તી રિવાજ પ્રમાણે જ લગ્ન થવું જોઈએ અને તે પણ પુખ્ત વયની ઉંમરે; એટલે કે છોકરાનું વય ૧૮ વર્ષથી કમી નહિ, અને કન્યાનું વય ૧૫ વર્ષથી નીચે ન હોવું જોઈએ.

૧૨. યોગ્ય સમયે બાળકના જન્મ બાદ ઉપકારસ્તુતિ અર્થે સભા બોલાવવી જોઈએ.

૧૩. દરેક ખ્રિસ્તી મરણ વખતે ખ્રિસ્તી રિવાજ પ્રમાણે દફનક્રિયા થવી જોઈએ, પરંતુ જો તેમ કરવું મુશ્કેલ હોય તો દફનાવવા પહેલાં ટૂંકી પ્રાર્થનાઓ કરવામાં આવે. જો આ પ્રસંગે ખ્રિસ્તી ઉપદેશક હાજર ન હોય તો ગામમાંના ખ્રિસ્તી આગેવાને આ ફરજ અદા કરવી.

૧૪. ખ્રિસ્તી ભાઈચારામાં પોતાનો પૂરો ફાળો આપવો, એટલે કે પ્રભુના મંદિરમાં ભેગા થવું; ભક્તિકાર્યમાં ભાગ લેવો, અને પાછળથી પ્રભુભોજનની સંગતમાં પણ જોડાવું, નાતજાતનો કાંઈપણ ભેદ રાખ્યા વગર.

## ૬. બાપ્તિસ્મા

બાપ્તિસ્માનો અર્થ :

બાપ્તિસ્મા એ એવી જાતનો એક સંસ્કાર છે કે જે વડે પુરુષો અને સ્ત્રીઓ ખ્રિસ્તી મંડળીમાં મેળવાયાં છે, એવું દર્શાવવામાં આવે છે. બીજા ધર્મો પણ આવા હેતુને માટે, બાપ્તિસ્માને મળતી આવતી ક્રિયાઓ કરે છે; પરંતુ ખ્રિસ્તી ધર્મમાં ભ્રષ્ટતાનું કારણ પાપ સમજવામાં આવે છે, અને પાણીનો ઉપયોગ પાપથી મળતી શુદ્ધિસૂચક છે. તેથી જ્યારે કોઈ પણ માણસ ખ્રિસ્તી મંડળીમાં દાખલ થાય છે ત્યારે તેના તરફથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે પોતાના પાપોનો પસ્તાવો કરે અને તેમને તજી દેવાનો નિશ્ચય કરે. ખ્રિસ્તી કુટુંબોના બાળકોનું પણ બાપ્તિસ્મા કરવામાં આવે છે. આવે વખતે જ્યાંસુધી બાળકો પુખ્ત વયના થઈ જાતે જ પોતાનું સ્વાર્પણ ખ્રિસ્તને ન કરે ત્યાંસુધી તેમને ખ્રિસ્તના માર્ગમાં ઉછેરવાની અને તે માર્ગનું શિક્ષણ આપવાની બધી જ જોખમદારી તેમનાં માબાપ કે વાલીને શિર હોય છે.

સિદ્ધાંત તરીકે બાપ્તિસ્મા એ એક જાહેર ક્રિયા છે કારણ કે અગત્યની દૃષ્ટિએ તે બાપ્તિસ્મા પામનારને જ કેવળ ઉપયોગી છે એમ નહિ પણ આખા ખ્રિસ્તીસમાજ માટે પણ તે ઉપયોગી છે, તેથી જ્યારે કોઈનું બાપ્તિસ્મા થાય છે ત્યારે ખ્રિસ્તમય જીવન ગાળવાનું તે વચન આપે છે, એમ જ સમજવાનું નથી, પરંતુ તેની સાથે આ ક્રિયામાં ભાગ લેનાર પ્રત્યેકે એવો નિશ્ચય કરવાનો હોય છે કે તેમના વર્તન વડે મજકૂર વચન આપનાર માણસને પોતાનું વચન પાળવા માટે પ્રોત્સાહન મળે. વળી ખ્રિસ્તમય જીવન જીવવા માટે જે કૃત્યો તેને નડતરરૂપ નીવડે, તે તેની દૃષ્ટિએ ન પડે માટે તેવાં કૃત્યો કરવાથી પણ તેઓએ સાવધ રહેવાનું છે. આ પ્રમાણે બાપ્તિસ્માનો સંસ્કાર બધા લાગતાવળગતાને હિતકર છે એટલું જ નહિ પણ સાક્ષીરૂપે તેવા પ્રસંગે જેઓ હાજરી આપે છે તેઓ માટે પણ તે શ્રેયકર છે. ઈસુ ખ્રિસ્તના ફરમાન મુજબ બધું પવિત્ર ત્રિએક નામમાં કરવામાં આવે છે, એટલે કે બાપ, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં.

## ૭. તજવાનાં વાનાં

૧. અખ્રિસ્તી રીતરિવાજોમાં ભાગ લેવો.

૨. તાવીજ પહેરવું, ખોટા વહેમોમાં માનવું, ભૂતપ્રેતને ખવડાવવું.
૩. ઘરમાં કે રસોડામાં ચૂલાની જગ્યાએ તેમ જ બહાર દેવદેવીઓના ચિત્રો કે ચિહ્નો રાખવાં.
૪. દેવદેવીઓના ગોખલા.
૫. ચોટલી રાખવી.
૬. શ્રાદ્ધ.
૭. રામલીલા કે ભવાઈ.
૮. ફારગતી આપવી.
૯. લોહીનો વેપાર કરવો.
૧૦. એક કરતાં વધારે પત્ની કરવી.
૧૧. ખ્રિસ્તી લગ્ન કર્યા સિવાય રખાત સ્ત્રી ઘરમાં રાખવી.

## શોધકોને શીખવવા માટે સોળ અગત્યના મુદ્દા

( બાપ્તિસ્માની તૈયારી દરમિયાન તેમની આગળ રજૂ કરવા ).

**નોંધ :** ઈતમાદપુર ક્ષેત્રમાં ખ્રિસ્તી સુવાર્તિક ટોળી તરીકે કામ કરતાં ઉપયોગી થઈ પડેલા આ સોળ મુદ્દા સંઘચવળના કામે લાગેલા બીજા કામદારોને પણ ઉપયોગી નીવડશે એવી આશાથી તે અત્રે આપવામાં આવે છે. અમો તેનો નીચે બતાવ્યા પ્રમાણે ઉપયોગ કરતા. શોધકોની પ્રથમ મુલાકાત વખતે તેમને તારણ સંબંધીની અગત્યની બાબતો સમજાવતા ( જેમકે, “ બધાએ પાપ કર્યું છે ” અને “ ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને બધા પાપથી શુદ્ધ કરે છે”). શબ્દરહિત પોથીનો, ઉદાહરણ તરીકે અમે સતત છૂટથી ઉપયોગ કરતા—કાળાં, રાતાં અને શ્વેત પાનાંનો—પૃષ્ઠ ૪૫ ઉપર વિવેચન જુઓ “ તારણનો માર્ગ. ” અમે તેમને આ તારણની શોધ અને તેનો સ્વીકાર કરવાનું સમજાવતા અને તેમ કરતાં આ નાનકડી પ્રાર્થનાનો ઉપયોગ કરતા : “ ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, મારૂં કાળું અંતઃકરણ ધો અને તારા રક્ત વડે શુદ્ધ કર, અને મને તારો પોતાનો કરી લે.” ત્યાર બાદ ખ્રિસ્તી જીવનમાં જે જે કાંઈ સમાયેલું છે તે આ સોળ મુદ્દાદ્વારા તેમની સમક્ષ રજૂ કરતા.

**૧. તારણ** : પ્રથમ અગત્યનો મુદ્દા તારણ ; એટલે કે પાપોની માફી, કલો. ૧ : ૧૪ ; ૧ યોહા. ૧ : ૯ ; પ્રભુ ઈસુ ખ્રિસ્તનો તારનાર તરીકે સ્વીકાર ; યોહા. ૧ : ૧૨ ; પ્રકટી. ૩ : ૨૦ ; પુનર્જન્મ ; યોહા. ૩ : ૭ ; ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ ; ૨ કોરીં. ૫ : ૧૭ ; હલવાનના જીવનના પુસ્તકમાં લખાયેલાં આપણાં નામ ; લુક ૧૦ : ૨૦ ; પ્રકટી. ૨૧ ; ૨૭.

દરેક ખ્રિસ્તીને આત્માની "સાક્ષી" કે તેનાં પાપ માફ થયાં છે, અને તે દેવનું બાળક બન્યો છે, તે શોધવા માટે દોરવો જોઈએ. રોમ. ૮ : ૧૬; ૧ યોહા. ૫ : ૧૦, **આ આંતરિક ખાત્રી.**

**૨. સાક્ષી:** આ પછીનું એકદમ બીજું પગથિયું તે બીજાઓની આગળ સાક્ષી પૂરવા સંબંધીનું છે. રોમ. ૧૦ : ૯, ૧૦; માત્થી. ૧૦ : ૩૨, ૩૩. શબ્દો દ્વારા, ચોટલી કાપી નાખીને અને બદલાણ થયેલા જીવન વડે સાક્ષી.

**૩. પવિત્ર આત્માનું ભરપૂરીપણું:** આપણે માત્ર પવિત્ર આત્માનું દાન પામવાનું જ નથી; રોમ. ૮ : ૧૬, પણ "આત્માથી ભરપૂર થવાનું છે" એફેસી. ૫ : ૧૮. પવિત્ર આત્મા પવિત્ર જીવન ગાળવા આપણને શક્તિ આપશે; ૧ પીત. ૧ : ૧૫, ૧૬.

"ઈશ્વરે...આપણને...પવિત્રાઈ માટે તેડ્યા છે...જેણે આપણને તેનો પવિત્ર આત્મા પણ આપ્યો છે." ૧ થેસ્સા. ૪ : ૭, ૮; અને તે આપણને શાહેદી પૂરવા શક્તિ પણ આપશે, પ્રે. કૃ. ૧ : ૮. જેમ ઈસુએ વચન આપ્યું તેમ, આપણે આ વચનદાન માટે યાચના કરવી જોઈએ, અને તે મેળવવું પણ જોઈએ; લુક ૧૧ : ૧૩; પ્રે. કૃ. ૨ : ૩૮, ૩૯.

**૪. પ્રાર્થના:** (૧) વ્યક્તિગત પ્રાર્થના; ઘૂંટણીએ પડીને, એકાંતમાં, ઓછામાં ઓછી બે વાર, સવારે અને સાંજે. આ પ્રાર્થનાનો અર્થ એ કે નવા પ્રાપ્ત થયેલા તારનાર અને મિત્ર સાથે વાર્તાલાપ; માત્થી ૬ : ૬; ફિલિ. ૪ : ૬, ૭ (પૃષ્ઠ ૬૪ ઉપર આપેલી ૧ લી પ્રાર્થના શીખવવી).

(૨) સંયુક્ત પ્રાર્થના. જો બની શકે તો દરરોજ અને ખાસ કરીને રવિવારે પ્રાર્થના અને ભક્તિ માટે ભેગાં મળવું; હેબ્રી. ૧૦ : ૨૪, ૨૫; માત્થી ૧૮ : ૧૯, ૨૦ (જુઓ પૃષ્ઠ ૬૪–૬૫).

(૩) આશીર્વાદ. ખોરાક ઉપર ઈશ્વરની આશિષ ઊતરે તે માટે કરવાની પ્રાર્થના અને ખોરાક ખાધા પછી ઉપકારસ્તુતિ અર્થે કરવાની પ્રાર્થના; યોહા. ૬ : ૧૧ (જુઓ પૃષ્ઠ ૬૪–૬૫).

**૫. દૈનિક શાસ્ત્રવાચન:** જેઓ અવિદ્ય હોય તેમણે દૈનિક પ્રાર્થનાની શરૂઆતમાં મોઢે કરેલાં વાકયો બોલવા; યિર્મે. ૧૫ : ૧૬; ગીતશાસ્ત્ર ૧૧૯ : ૧૧.

બીજાઓને ખ્રિસ્તગમ વાળવા. આપણને ખ્રિસ્ત ઈસુમાં જે તારણ પ્રાપ્ત થયું છે તે બીજાઓને પણ મળે માટે તેઓની સહાય કરવી; યોહા. ૧ : ૪૧, ૪૨; ૨ કોરીં. ૫ : ૨૦; હઝ. ૩૩ : ૧–૯.

**૭. ખ્રિસ્તી જીવન જીવવું :** (૧) હવે તમે ખ્રિસ્તી છો એમ સમજીને તમારા માલિક અને શેઠને માટે પહેલાં કરતાં વધારે સખત અને સારૂં કામ કરો, અને પ્રથમના કરતાં વધુ વિશ્વાસુ અને ઇમાનદાર બનો કે જેથી તે પણ જાણે કે તમારી જિંદગીનું બદલાણ થયું છે; કલો. ૩ : ૨૨–૨૪.

(૨) ખ્રિસ્તી તેમ જ અખ્રિસ્તીઓ સાથે ખ્રિસ્તી પ્રેમ, સહનશીલતા અને નમ્રતાપૂર્વક વર્તન કરો; ૧ પી. ૪ : ૮. જેઓને આપણે માન આપવું જોઈએ, તેઓના તરફ પ્રથમ કરતાં વધુ માનની લાગણી દર્શાવો; રોમ. ૧૨ : ૧૦.

(૩) તકરાર અને ગાળાગાળી છોડી દો; એફે. ૪ : ૨૯–૩૨.

(૪) સાબ્બાથ દિવસ પવિત્ર પાળો. બિનજરૂરી કોઈ કામકાજ તે દિવસે ન કરો; વેચાતું આપવું કે લેવું નહિ, પણ તે દિવસ ભક્તિકાર્યમાં, ઇશ્વરની સેવામાં અને આરામ લેવામાં ગાળો; યશા. ૫૮ : ૧૩, ૧૪; લુક ૪ : ૧૬; પ્રે. કૃ. ૨૦ : ૭.

(૫) આપણી આવકનો દશમો ભાગ ઇશ્વરને આપવો; ઉત્પ. ૨૮ ; ૨૨.

(૬) બીજાંઓને તેમના દુઃખ, મંદવાડ અને સંકટ સમયે મદદ કરવી અને આપણા દુશ્મનો પર પ્રેમ રાખવો; માત્થી. ૫ : ૪૪.

(૭) આપણાં શરીર, ઘર, કપડાં, વાસણ ઇત્યાદિ બિલકુલ સ્વચ્છ રાખવાં કારણ કે ખ્રિસ્તીઓએ અંતઃકરણની પવિત્રાઈ સાથે આ પ્રકારની સ્વચ્છતા પણ જાળવવી જોઈએ; હેબ્રી. ૧૦ : ૨૨.

(૮) ખ્રિસ્તી શોધકોએ સલામ કરતાં " રામ રામ " એ શબ્દો નહિ વાપરતાં " જય મસીહ " એ શબ્દોનો પ્રયોગ કરવો.

**૮. મૂર્તિપૂજા :** કોઈપણ પ્રકારની મૂર્તિપૂજા સાથે કાંઈ લેવાદેવા ન રાખવી એટલું જ નહિ પણ હિંદુ તહેવારો તથા વિધર્મી રીતરિવાજો પાળવાથી દૂર રહેવું; ૧ કોરીં. ૧૦–૧૪.

**૯. ખ્રિસ્તી લગ્નો : આ બાબત વિષે ખાસ બે મુદ્દા છે :** (૧) ખ્રિસ્તી છોકરા અને છોડીઓએ ખ્રિસ્તી ભાઈચારાની હદમા રહીને જ પોતાનો લગ્ન સંબંધ ખ્રિસ્તી વિધિ અનુસાર જોડવો; ૨ કોરીં. ૬ : ૧૪, ૧૫.

(૨) કાયદા અનુસાર તેમણે પુખ્ત વયના હોવું જોઈએ : એટલે કે જુવાન માણસની ઉંમર ૧૮ કરતાં ઓછી નહિ અને કન્યા ૧૫ વરસ કરતાં કમી ઉંમરની હોવી ન જોઈએ.

**૧૦. નાતજાતને તિલાંજલિ** : "ખ્રિસ્ત ઈસુમાં આપણે બધાં એક છીએ." ગલા. ૩ ; ૨૮. આપણે એક નવા ભાઈચારામાં દાખલ થયા છીએ અને તે તો બધાં ખ્રિસ્તીઓનો બનેલો ખ્રિસ્તી ભાઈચારો છે.

**૧૧. ભાઈચારો** : હવે તમે ભાઈચારાનો જૂનો સંબંધ તજી દીધો છે અને ખ્રિસ્તી ભાઈબંધીમાં જોડાયા છો, તેથી શ્રાદ્ધની ક્રિયામાં સામેલ થવું નહિ અથવા તો જૂની સગાઈના કોઈપણ વિધર્મી પર્વમાં ભળવું નહિ ; કારણ કે ઈશ્વરના વચનમાં લખેલું છે, "તેઓમાંથી નીકળી આવો અને તમે અલગ થાઓ...મલિન વસ્તુને અડકો મા" ; ૨ કોરીં, ૬ : ૧૭.

**૧૨. બાપ્તિસ્મા માટે શિક્ષણ** : જે કામદાર તમારી મુલાકાત લે છે તેની પાસેથી ખ્રિસ્ત અને તેના શિક્ષણ વિષે શીખવાનું એકદમ શરૂ કરો, જેથી બાપ્તિસ્માના સંસ્કાર માટે તમને તૈયાર કરવામાં આવે ; માર્ક ૧૬ : ૧૬ ; પ્રે. કૃ. ૨ : ૩૮.

**૧૩. સતાવણી** : જો સતાવણી અને પ્રતિકૂળ સંજોગો ઊભાં થાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી ; માત્થી ૫ : ૧૦–૧૨ ; ૧ પી. ૪ : ૧૨–૧૬. તમારે યાદ રાખવું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે તમારો જીવતો, પ્રેમાળ અને સશક્ત તારનાર છે, અને જ્યારે જ્યારે તમે તેને હાંક મારો ત્યારે તે ગમે તે સ્થળે અને સમયે તમારી વિનંતી સાંભળવા માટે તેમ જ તમને સહાય કરવા માટે સદા તત્પર છે ; ગીતશાસ્ત્ર ૧૨૧ : ૨ ; હેબ્રી. ૧૩ : ૫, ૬.

**૧૪. ખ્રિસ્તી દફનક્રિયા** : જ્યારે કોઈપણ ખ્રિસ્તી મરણ પામે છે ત્યારે ખ્રિસ્તી રિવાજ પ્રમાણે તેને દાટવો જોઈએ ; બની શકે તો ખ્રિસ્તી ભક્તિ ક્રિયા સાથે અને નહિ તો છેવટે પ્રાર્થના કરીને તેને દફનાવવો જોઈએ. ખ્રિસ્તીના અવસાન સાથે શ્રાદ્ધ કે એવી બીજી કોઈ પ્રકારની મૂર્તિપૂજા સંકળાયેલી હોવી ન જોઈએ ; એટલું જ નહિ પણ ગમે તેનું શ્રાદ્ધ હોય છતાં ખ્રિસ્તી માણસે તેમાં ભાગ લેવો નહિ.

**૧૫. આવાગમન** : આત્માઓને માટે જન્મ મરણ ફેરા જેવું કાંઈ છે જ નહિ એ ઈશ્વરના વચનો પરથી તદ્દન સ્પષ્ટ થાય છે, ( આવાગમન, લખચોર્યાંશી ). જ્યારે કોઈપણ ખ્રિસ્તીનું અવસાન થાય છે ત્યારે તેને માટે આકાશમાં એક સ્થાન તૈયાર કરવામાં આવેલું હોય છે–એક સ્વર્ગીય ઘર ; યોહા. ૧૪ : ૧–૩. આપણું પૃથ્વી પરનું સ્થૂળ શરીર તે બદલાઈને ખ્રિસ્તના મહિમાવાન શરીર જેવું થશે. ફિલિ. ૩ : ૨૧.

**૧૬. વાંચતાં શીખવું** : જો બની શકે તો શોધકોએ વાંચતાં શીખવું. ( અમે લૉબૅક પ્રથાની ભલામણ કરીએ છીએ. ) પવિત્રશાસ્ત્ર જાતે જ વાંચી શકાય માટે બાપ્તિસ્મા લીધાં પહેલાં તેમ થવું જોઈએ.

### ગ્રામ્ય નેતાઓના[1] ઉપયોગ માટે સભા ચલાવવાની સરળ પ્રથા

## ગામડાઓમાં ભક્તિસભા ચલાવવાનો કાર્યક્રમ

**નોંધ** : નેતાની દોરવણી ખાતર. જ્યાં જ્યાં–આ પ્રમાણેનું ચિહ્ન મળી આવે ત્યાં નેતાએ અટકવું જોઈએ જેથી કરીને સભાજનો તે વાક્ય નેતાની પાછળ પાછળ બોલે. આ સૂચના સભાના પૂરા કાર્યક્રમને લાગુ પડે છે.

**૧. શાંત પ્રાર્થના** : ( બધા ઘૂંટણીએ પડે ).

દરેક વાક્ય પછી શાંત પ્રાર્થના માટે અટકતા, નેતાએ નીચે પ્રમાણે સૂચવવું :

( ૧ ) પ્રભુ ઈસુ ખ્રિસ્તની હાજરીનો અનુભવ કરો.

( ૨ ) પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણી મધ્યે છે માટે તેનો ઉપકાર માનો.

( ૩ ) આ પ્રાર્થનાના સમય માટે આપણામાંના પ્રત્યેકનું અંતઃકરણ તે સિદ્ધ કરે તે માટે તેની વિનંતી કરો.

**૨. પ્રાર્થના** : નેતા કરાવે ( બધા ઘૂંટણીએ પડે ).

**૩. પ્રભુની પ્રાર્થના** : બધા સાથે.

**૪. ગીત** :

**૫. પ્રાર્થના** : ( ઈશ્વરનું વચન વાંચ્યા પહેલાં ).

( નેતાની પાછળ પાછળ દરેક વાક્યનો ઉચ્ચાર કરતાં સભાજનોએ બોલવું ).

ઓ પ્રભુ–તું અમારી આંખો ઉઘાડ–કે અમે–તારા નિયમમાંની–અજાયબ બાબતોનું–અવલોકન કરીએ–અને તેમને શીખીએ–સમજીએ–અને તે પ્રમાણે વર્તીએ–ખ્રિસ્તને નામે આમેન.

**૬. નેતાની પાછળ પાછળ નીચેની કલમો બોલવી** : ( સભાજનો બેસીને ).

( ૧ ) બધાએ પાપ કર્યું છે–અને દેવના મહિમા વિષે–સઘળા અધૂરા રહે છે ( રોમ. ૩ : ૨૩ ).

---

૧. આ પ્રમાણેનો ગ્રામ્યસભાનો કાર્યક્રમ એક ચોપાનિયા તરીકે ઇવેન્જેલીકલ લીટરેચર ડેપો, ૧૧/૧, મિશન રો, કલકત્તા, ત્યાંથી એક ડઝનના આના દશ લેખે મેળવી શકાશે.

( ૨ ) પાપનો મુસારો–મરણ છે–આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે–દેવનું કૃપાદાન–અનંત જીવન છે ( રોમ. ૬ : ૨૩ ).

( ૩ ) તું તેનું નામ–ઈસુ પાડશે–કેમકે જે પોતાના લોકને–તેઓનાં પાપથી તારશે–તે એ જ છે ( માત્થી ૧ : ૨૧ ).

**સૂચના** : આ પ્રાર્થનાસભાનો કાર્યક્રમ અશિક્ષિત ગામડાના કામદાર–નેતા માટે ઠરાવેલો છે તેમના ગામમાં તેઓ સભા ચલાવી શકે માટે તેમણે તે મુખપાઠ કરવો જોઈએ. અમારા અનુભવમાં એવું આવ્યું છે કે આ પ્રમાણેનો કાર્યક્રમ તે માત્ર અશિક્ષિત નેતા માટે નહિ પણ શિક્ષિત કામદાર વર્ગને માટે પણ ઉપયોગી માલૂમ પડ્યો છે. તેથી તેનો ઉપયોગ બંને પ્રકારના કામ કરનારાઓને માટે છે. સંઘચળવળના કામ માટે પણ તેનો ઉપયોગ છૂટથી થાય અને તે બધાને એક સરખા આશીર્વાદરૂપ નિવડે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

(૪) તેના પુત્ર ઈસુનું રક્ત–આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે (૧. યોહા. ૧ : ૭).

(૫) ઇસુએ કહ્યું–જે મારી પાસે આવે છે–તેને હું કાઢી નહિ જ મૂકીશ (યોહા. ૬ : ૩૭).

( ૬ ) દેવના દીકરાએ–મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારૂ–પોતાનું અર્પણ કર્યું ( ગલા. ૨ : ૨૦ ).

(૭) આપણા આત્માની સાથે–આત્મા પોતે સાક્ષી આપે છે કે–આપણે દેવનાં છોકરાં છીએ ( રોમ. ૮ : ૧૬ ).

( ૮ ) છ દિવસ સુધી–કામ કરવામાં આવે–પણ સાતમે દિવસે યહોવાહને સારૂ પવિત્ર–એવો વિશ્રામનો સાબ્બાથ છે ( નિર્ગ. ૩૧ : ૧૫ ).

(૯) તમે તેઓમાંથી નીકળી આવો–અને અલગ થાઓ–એમ પ્રભુ કહે છે. મલિન વસ્તુને અડકો મા–એટલે હું તમારો અંગીકાર કરીશ ( ૨. કોરીં. ૬ : ૧૭ ).

(૧૦) તમે બધાં ખ્રિસ્તમાં એક છો ( ગલા. ૩ : ૨૮ ).

( ૧૧ ) અવિશ્વાસીઓની સાથે–અઘટિત સંબંધ ન રાખો–કેમકે ન્યાયીપણાને અન્યાયપણા સાથે–સોબત કેમ હોય ?–અજવાળાને અંધકારની જોડે–શી સંગત હોય ? ( ૨ કોરીં. ૬ : ૧૪ ).

( ૧૨ ) જે યહોવાહે–આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં છે–તેની–તરફથી મને સહાય મળે છે ( ગીતશાસ્ત્ર ૧૨૧ : ૨ ).

**૭. વિશ્વાસનામું :** (બધા ઊભા રહે અને નેતાની પાછળ પાછળ સભાજનો વાકયે વાકયનો ઉચ્ચાર કરે ).

**૮. દશ આજ્ઞા :** ( ટૂંકા સ્વરૂપે ) ( નેતાની પાછળ પાછળ વાકયે વાકયનો ઉચ્ચાર સભાજનો કરે ).

**૯. ગીત :**

**૧૦. દાનાર્પણ :** ( ઉઘરાવવામાં આવે ).

**૧૧. પ્રાર્થના :** ( બધા ઘૂંટણીએ પડે ; દાનાર્પણ ઈશ્વરને અર્પણ કરવામાં આવે અને તેના ઉપર ઈશ્વરનો આશીર્વાદ માગવામાં આવે ).

**૧૨. બોધ :**

**૧૩.** ( ખુલ્લી પ્રાર્થના, જેમાં દરેકને પોતાની અગત્ય અને ખાસ માંગણી ઈશ્વર સમક્ષ જાહેર કરવાની તક મળે, માટે મોટેથી અને સંયુક્ત પ્રાર્થના ).

**૧૪. આશીર્વાદ :** આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા, અને ઈશ્વરનો પ્રેમ, અને પવિત્ર આત્માની સંગત, હમણાથી તે સર્વકાળ સુધી તમારી સાથે થાઓ. આમેન.

**અનુક્રમ નં. ૬ ના બદલામાં નીચેની કલમોનો ઉપયોગ પણ કરી શકાય :** ( ખાસ કરીને નવા ખ્રિસ્તી થયેલાં માટે ).

( ૧ ) જેનું ઉલ્લંઘન માફ થયું છે–તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે–તેને ધન્ય છે ( ગીતશાસ્ત્ર ૩૨ : ૧ ).

( ૨ ) મેં તારો ઉદ્ધાર કર્યો છે...–તું મારો છે ( યશા. ૪૩ : ૧ ).

( ૩ ) તમે જાણો છો કે—વિનાશી વસ્તુઓ વડે,—એટલે રૂપા અથવા સોના વડે નહિ...–પણ ઈસુના મૂલ્યવાન રક્ત વડે—તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે ( ૧ પીત. ૧ : ૧૮, ૧૯ ).

( ૪ ) જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે—તો તે નવી ઉત્પતિ છે—જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે—જુઓ, સર્વ નવું થયું છે ( ૨ કોરીં. ૫ : ૧૭ ).

( ૫ ) હું તમને નવી આજ્ઞા આપું છું—કે તમે એક બીજા પર પ્રેમ રાખો—જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો—તેવો તમે એક બીજા પર પ્રેમ રાખો–જો તમે એક બીજા પર પ્રેમ રાખો—તો તેથી સર્વ માણસો જાણશે—કે તમે મારા શિષ્યો છો ( યોહા. ૧૩ : ૩૪ ; ૩૫ ).

(૬) કશાની ચિંતા ન કરો—પણ દરેક બાબતમાં—પ્રાર્થના અને વિનંતીઓ વડે—ઉપકારસ્તુતિસહિત—તમારી અરજીઓ દેવને જણાવો (ફિલિ. ૪ : ૬).

(૭) જ્યારે લોક તમારી નિંદા કરશે—ને પૂંઠે લાગશે—ને મારે લીધે તમારી વિરૂદ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યાથી કહેશે-ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ-કેમકે આકાશમાં તમારો બદલો મોટો છે (માત્થી ૫ : ૧૧, ૧૨).

(૮) જેણે તમને તેડયા છે-તે જેવો પવિત્ર છે-તેવા તમે પણ સર્વ પ્રકારના આચરણમાં-પવિત્ર થાઓ-કેમકે લખેલું છે કે-હું પવિત્ર છું-માટે તમે પણ પવિત્ર થાઓ (૧ પીત. ૧ : ૧૫, ૧૬).

(૯) પવિત્ર આત્મા તમારા પર આવશે-ત્યારે તમે સામર્થ્ય પામશો-અને તમે મારા સાક્ષી થશો (પ્રે. કૃ. ૧ : ૮).

(૧૦) જો તમે ભૂંડાં છતાં-તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો -તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે-તેમને તે પવિત્ર આત્મા આપશે-તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે? (લુક ૧૧ : ૧૩).

(૧૧) આપણે પવિત્ર આત્માનું વચન-વિશ્વાસથી પામીએ (ગલા. ૩ : ૧૪).

(૧૨) તું બીશ મા-કેમકે હું તારી સાથે છું-આમ તેમ જોઈશ મા-કારણ કે હું તારો દેવ છું-હું તને બળવાન કરીશ-તને સહાય કરીશ-વળી મારા પોતાના ન્યાયના જમણા હાથથી-હું તને પકડી રાખીશ (યશા. ૪૧ : ૧૦).

**નોંધ:** આ ભજનસેવાનો એક હેતુ એ છે કે સભાજનો ભક્તિ કેમ ચલાવાય છે તે તરફ પોતાનું લક્ષ નહિ દોડાવતાં પોતાથી બને તેટલો સક્રિય ભાગ તેમાં લે અને એમ ભજનસેવામાં પોતાનો હિસ્સો શું છે તે સમજી શકે.

## શોધકોને માટે ૧૨ વાક્યો

૧. "સઘળાએ પાપ કર્યું છે, અને દેવના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે" (રોમ. ૩ ; ૨૩).

૨. "પાપનો મુસારો મરણ છે, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આસરે દેવનું કૃપાદાન, અનંતજીવન છે" (રોમ. ૬ ; ૨૩).

૩. "દેવે જગત પર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે" (યોહ. ૩ ; ૧૬).

૪. "ખોવાએલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે" (લુક ૧૯ ; ૧૦).

૫. "આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારૂ મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે" (રોમ. ૫ ; ૮).

૬. "ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ" (માત્થી ૧૧ ; ૨૮).

૭. બીજા કોઈથી તારણ નથી, કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી (પ્રે. કૃ. ૪ ; ૧૨).

૮. આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયા છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે (યશાયાહ ૫૩ ; ૬).

૯. જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ (યોહા. ૬ ; ૩૭).

૧૦. જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે (નીતિ. ૨૮ ; ૧૩).

૧૧. તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે (માત્થી ૬ ; ૩૩).

૧૨. જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય? વળી માણસ પોતાના જીવનો શો બદલો આપશે? (માર્ક ૮ ; ૩૬, ૩૭).

---

## ખ્રિસ્તીઓને સારૂ ૧૨ વાકયો

૧. જેઓ મને પ્રભુ. પ્રભુ, કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે [ તેઓ જ પેસશે ] (માત્થી ૭ ; ૨૧).

૨. માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ. પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો નકાર હું પણ મારા આકાશમાંના બાપની આગળ કરીશ (માત્થી ૧૦ ; ૩૨, ૩૩).

૩. જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એક બીજાની સાથે સંગત છે, અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી 'શુદ્ધ કરે છે' (૧ યોહાન ૧ ; ૭).

૪. જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પૂંઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂદ્ધ તરેહતરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ ; કેમકે આકાશમાં તમારો બદલો મોટો છે (માત્થી ૫ ; ૧૧, ૧૨).

૫. પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હૃદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી આજ્ઞા એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર (માત્થી ૨૨ ; ૩૭–૩૯).

૬. હવે રીસ, ક્રોધ, અદાવત, નિંદા, તમારા મુખમાંથી [ નીકળતાં ] બીભત્સ વચન એ સર્વ તજી દો. એક બીજાની સાથે જૂઠું ન બોલો (કલ. ૩ ; ૮, ૯).

૭. દેવ વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ, પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે (૧ કર. ૧૦ ; ૧૩).

૮. જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે ? (લુક ૧૧ ; ૧૩).

૯. ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે ? શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નગ્નતા, કે જોખમ, કે તરવાર ? (રોમ. ૮ ; ૩૫).

૧૦. હું તો દ્રાક્ષવેલો છું, ને તમે ડાળીઓ છો ; જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે ; કેમકે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી (યોહાન ૧૫ ; ૫).

૧૧. જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું (માત્થી ૧૮ ; ૨૦).

૧૨. આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો (માર્ક ૧૬ ; ૧૫).

## છોકરાંને સારૂ ૧૨ વાકયો

૧. બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા; કેમકે દેવનું રાજ્ય એવાંઓનું છે (માર્ક ૧૦ ; ૧૪).

૨. હું ઉત્તમ ઘેટાંપાળક છું; ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે (યોહા. ૧૦ ; ૧૧).

૩. મનમાં જેઓ શુદ્ધ તેઓને ધન્ય છે; કેમકે તેઓ દેવને જોશે (માત્થી ૫ ; ૮).

૪. હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર (ગીત. ૫૧ ; ૧૦).

૫. સર્વ દુ:ખથી યહોવાહ તારૂં રક્ષણ કરશે; તે તારા આત્માની સંભાળ રાખશે (ગીત. ૧૨૧ ; ૭).

૬. માગો, તો તમને અપાશે; શોધો તો તમને જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘાડાશે (માત્થી ૭ ; ૭).

૭. જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારો આકાશમાંનો બાપ તમને પણ માફ કરશે. પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારો બાપ તમારા અપરાધ પણ તમને માફ નહિ કરશે (માત્થી ૬ ; ૧૪, ૧૫).

૮. શેતાનની સામા થાઓ એટલે તે તમારી પાસેથી નાસી જશે (યાકૂ. ૪ ; ૭).

૯. તમે તમારૂં અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો, કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે (માત્થી ૫ ; ૧૬).

૧૦. જો તમે મારા પર પ્રેમ રાખો છો તો મારી આજ્ઞાઓ પાળશો (યોહા. ૧૪ ; ૧૫).

૧૧. જાગતા રહો અને પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન પડો (માર્ક ૧૪ ; ૩૮).

૧૨. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; કેમકે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ, જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ [ રહો ] (યોહા. ૨૪ ; ૨, ૩).

# ગ્રામ્યજનો માટે કેટલીક સાદી પ્રાર્થનાઓ

## ૧. પુખ્ત ઉંમરના માણસોને માટે દરરોજની પ્રાર્થના :

આકાશવાસી પિતા, તારા પ્રેમ અને કૃપા માટે તારો આભાર માનું છું. મારાં બધાં પાપ મને માફ કર. આખો દિવસ મારી સાથે રહે અને મને પાપથી દૂર રાખ. ખરું ખ્રિસ્તી જીવન જીવી શકું માટે તારો પવિત્ર આત્મા મને આપ; અને બીજાઓને તારી ગમ લાવવા મારી મદદ કર. મારા કુટુંબને આશીર્વાદ આપ અને અમને બધાંને તારી નજીક રાખ. મારા ગામના બીજા ઘણાં માણસો ખરા ખ્રિસ્તી થાય એવું હું માગું છું. ખ્રિસ્તી સમાજને તારો આશીર્વાદ આપ અને અમે એક બીજા પર પ્રેમ રાખીએ માટે અમારી સહાય કર.

## ૨. છોકરાંને માટે પ્રાર્થનાઓ:

### સવારની પ્રાર્થના :

હે ઈશ્વર, રાતમાં તેં મારી સંભાળ લીધી એ માટે હું તારો આભાર માનું છું. આજ આખો દિવસ મારી સાથે રહે અને મને બધાં પાપથી દૂર રાખ. મને સારૂં છોકરૂં બનાવ, મારાં બધાં કામમાં મને સહાય આપ, અને મને તારો આશીર્વાદ આપ. ઈસુને નામે આમેન.

### સાંજની પ્રાર્થના :

હે આકાશવાસી બાપ, આજે તેં મારી સંભાળ લીધી એ માટે હું તારો આભાર માનું છું. આજે મેં જે કંઈ ખોટું કર્યું તે ઈસુને લીધે માફ કરી મને આશીર્વાદ આપ. મારાં માબાપ, ભાઈબહેન, અને મારાં બધાં સગાંસ્નેહીઓને આશીર્વાદ દે, અને આ રાતમાં મારૂં રક્ષણ કર. ઈસુને નામે માગું છું. આમેન.

**પ્રભુની પ્રાર્થના** : ઓ આકાશમાંના અમારા બાપ, વગેરે.

**જમવા પહેલાંનો આશીર્વાદ** (આખા કુટુંબને માટે) :

હે ઈશ્વર, આ ખોરાક પર તારો આશીર્વાદ મોકલ અને એવી કૃપા કર કે ખોરાકથી મળતું બળ તે તારી સેવાને અર્થે વપરાય. ઈસુ ખ્રિસ્તને નામે. આમેન.

**જમ્યા પછીનો આશીર્વાદ** :

હે ઈશ્વર, આ ખોરાકને માટે અને તારાં સર્વ દાનને માટે અમે તારો આભાર માનીએ છીએ. આમેન.

**ઈશ્વરનું વચન વાંચ્યા પહેલાં કરવાની પ્રાર્થના :**

તારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ ( ગી. શા. ૧૧૯ ; ૧૮ ).

**ભજનસેવા પહેલાં કરવાની પ્રાર્થના :**

હે યહોવાહ, મારા ખડક તથા મને ઉદ્ધારનાર, મારા મુખના શબ્દો તથા મારા હૃદયના વિચારો તારી આગળ માન્ય થાઓ ( ગીત. ૧૯ ; ૧૪ ).

**તારણ શોધકોએ કરવાની પ્રાર્થના :**

ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાપથી ખરડાયેલું મારૂં કાળું અંતઃકરણ તું લે, અને તેં વહેવાડેલા લોહીથી તેને ધોઈને શુદ્ધ કર, અને મને સંપૂર્ણ તારો કરી લે. ખ્રિસ્તના નામે. આમેન.

સમાપ્ત

24 Bible Stories ( Gujarati )
Printed by H. P. Cromie,
at the Mission Press, Surat,
for The Gujarat Tract and Book Society.
3rd Edition ] Dec., 1954. [ 2,000 Copies
Published with the help of a Subsidy
from the Literature Fund of the N. C. C.

12BGP4